Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. આત્મ સં. ૫૨ સંવત ૨૦૦૩.

અંક ૩ જો. આસો : ઓક્ટોમ્બર.




વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી દિવાલી પર્વનું સ્તવન ... ... ... ... ... ... | | પા. ૪૯ |
| ૨ | અજ્ઞાનીને ઉપદેશ ... ... ... ... ... ... ... | | ૫૦ |
| ૩ | આધ્યાત્મિક આનંદ ... ... ... ... ... ... | | ૫૦ |
| ૪ | આશાતના ... ... ... ... ... | આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી | ૫૧ |
| ૫ | ન્યાયરત્નાવળી ... ... ... ... ... | મુનિશ્રી ધુરંધરવિજયજી | ૫૬ |
| ૬ | યોગમિમાંસા ... ... ... ... ... | સંપા૦ મુનિશ્રી પુણ્યવિજયજી | ૫૮ |
| ૭ | આઝાદ સ્વતંત્ર દીન જૈનોનું કર્તવ્ય ( સમાલોચના ) ... ... ... ... | | |
| ૮ | ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... ... | મૌક્તિક | ૬૧ |
| ૯ | આત્મચિંતન ... ... ... ... ... | મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મ૦ | ૬૫ |
| ૧૦ | ‘ દ્વિપોત્સવી પર્વની ભાવના ’ ... ... ... ... | મુનિશ્રી લક્ષ્મીસાગરજી મ૦ | ૬૫ |
| ૧૧ | ભાવનગર સમાચાર ( રાજ્ય સ્થાપિત ) શ્રી વસુદેવ હિંડી ગ્રંથ માટે શું કહે છે ? ... | | ૬૬ |
| ૧૨ | વર્તમાન સમાચાર–સાભાર સ્વીકાર ... ... ... ... ... | સભા | ૬૮ |


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શેઠ મણિલાલ વનમાળીદાસ B. A. સાવરકુંડલાવાળા | | પેટ્રન | કલકત્તા |
| ૨ | શાહ શેશમલ ફૂલચંદ | (૧) | લાઇફ મેમ્બર | સુમેરપુર |
| ૩ | શાહ વિનોદચંદ્ર ચંદુલાલ | | | અમદાવાદ |
| ૪ | ઝવેરી બાબુભાઇ પ્રેમચંદ સુરતવાલા | (૧) | ,, | મુંબઇ |
| ૫ | ચોકસી મૂળચંદ મોકમચંદ પાટણવાળા | (૧) | ,, | ,, |
| ૬ | શાહ ચંદુલાલ ખીમચંદ | (૧) | ,, | ,, |
| ૭ | શેઠ ઘેલાભાઈ કરમચંદ જૈન લાઇબ્રેરી | (૧) | ,, | વીલેપાર્લે |
| ૮ | શાહ નરોત્તમદાસ શકરાભાઇ લલ્લુભાઇ | (૧) | ,, | અમદાવાદ |
| ૯ | દોશી નાનચંદ મૂળચંદ દેપલાવાળા | (૧) | ,, | મુંબઇ |
| ૧૦ | ઝવેરી શશીકાન્ત બાબુભાઈ | (૧) | ,, | ,, |
| ૧૧ | શાહ હીરાલાલ મોતીચંદ | (૧) | ,, | કાંદીવલી |
| ૧૨ | શ્રી બોટાદ જૈન શ્વે. મૂર્તિ. પાઠશાલા હા. દેસાઇ નરોત્તમદાસ ખીમચંદ | (૧) | ,, | બોટાદ |
| ૧૩ | શ્રી બુદ્ધિસાગરસૂરિ સ્મારક સંસ્થા | (૧) | ,, | મહેસાણા |
| ૧૪ | શાહ સુમતિલાલ સારાભાઈ | (૧) | ,, | અમદાવાદ |
| ૧૫ | શાહ વ્રજલાલ અમુલખદાસ | (૧) | ,, | ચંદ્રનગર |
| ૧૬ | શ્રી નિત્યવિજય મણિજીવન જૈન લાયબ્રેરી હા. સેક્રેટરી શેઠ મણિલાલ વનમાળીદાસ | (૧) | ,, | કલકત્તા |
| ૧૭ | મહેતા મનસુખલાલ તારાચંદ | (૧) | ,, | મુંબઇ |

## હવે પછી થનારા નવા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને સૂચના.


આસો વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) આપી નવા થનારા માનવંતા લાઇફ મેમ્બરોને શ્રી સંઘપતિ ચરિત્ર રૂા. ૬।। તથા શ્રી મહાવીર યુગની મહાદેવીઓ રૂા. ૩।। એ બે ગ્રંથો ભેટ આપવામાં આવશે અને તે પછી પ્રગટ થતાં દરેક ગ્રંથો ભેટ આપવામાં આવશે. પરંતુ તે મુદત બાદ આ બે ગ્રંથો ભેટ મળી શકશે નહિં. અને ત્યારપછી સં. ૨૦૦૪ માગશર વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) એકસો એક આપી આ સભામાં નવા થનારા માનવંતા લાઇફ મેમ્બરોને જ હવે પછી પોશ માસમાં પ્રગટ થનાર શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ

469



શ્રીયુત મણીલાલ વનમાળીદાસ શેઠ બી. એ.

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી મણિલાલ વનમાલીદાસ B. A. નું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત.

ભાવનગર રાજ્યના સુપ્રસિદ્ધ કુંડલા શહેરમાં વીશાશ્રીમાળી સંસ્કારી જૈન કુટુંબમાં શેઠ વનમાલીદાસ જેરામને ત્યાં શ્રીયુત **મણિલાલભાઈનો** સં. ૧૯૫૮ ના ભાદરવા શુદી ૭ તા. ૯-૯-૧૯૦૨ ના રોજ જન્મ થયો હતો. પરંપરાથી ચાલી આવતી શેઠાઇ તથા જૈન સંસ્કાર તો મણિભાઇને પ્રથમથી જ વારસામાં મળ્યા હતા. પૂજ્ય પિતા શેઠ વનમાલીદાસ ભાવનગર રાજ્યની નોકરી કરતા હતા. તેમના પિતાશ્રી વનમાલીદાસ મણિલાલભાઇને લઘુવયમાં મુકી સદ્ગત થયા હતા. ભાઇશ્રી મણિલાલે લઘુ વયમાંથી જ સ્કુલશિક્ષણ સાથે જ ધાર્મિક શિક્ષણ લેવું શરૂ કર્યું હતું. છેવટે બી. એ. ની પરીક્ષા પસાર કરી ગ્રેજ્યુએટ પણ થયા હતા. ભાવનગર જૈન બોર્ડિંગમાં વિદ્યાભ્યાસ કરતા તે દરમ્યાન સાથેના અન્ય વિદ્યાર્થીઓ સાથે સારા સંપર્કમાં હોવાથી સુપ્રાન્ટેન્ડન્ટ થઇ, રહ્યા ત્યાં સુધી વ્યવસ્થા પણ સાચવી રહ્યા હતા. તેમના વડિલ બ્હેન શ્રીમતી સુરજ બ્હેનના પણ ધર્મનાં ઉચ્ચ સંસ્કાર સાથે બંધુપ્રેમ અવિચ્છિન્ન હોવાથી ભાઇ મણિલાલને બંને પ્રકારના શિક્ષણમાં ઉત્સાહ પ્રેરી વધુ સંસ્કારી બનાવ્યા હતા. સુશીલ સુરજ બ્હેન ભાવનગરના અગ્રગણ્ય જૈન ગૃહસ્થ અને મુંબઇના કાપડના સુપ્રસિદ્ધ વ્યાપારી અને અનેક જૈન બંધુઓને શિક્ષણ માટે બતાવેલી ઉમદા સખાવતો માટે પ્રસિદ્ધ થયેલા શેઠ સાહેબ **નરોત્તમદાસ ભાણજીના** સુપત્ની હતા. જેમ સુરજ બ્હેન સંસ્કારી, સરલ સ્વભાવી, ધર્મ પ્રત્યે દઢ શ્રદ્ધાળુ હતા, તેવા જ મણિલાલભાઇ હોવાથી બંધુ ભગિનીની અવિરલ પ્રેમપાત્ર જોડી હતી.

શ્રીયુત મણિલાલભાઇ પૂર્વ પુણ્ય અને વંશપરંપરાગત સંસ્કારોવડે ધર્મ ઉપર દઢ શ્રદ્ધાવાળા હોવાથી બાળવયથી વ્યાખ્યાનશ્રવણ, યાત્રા, તપશ્ચર્યા, વગેરે ઉપર પ્રેમ હતો અને એ દઢીભૂત થવામાં આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિ તથા તેમના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી કનકવિજયજી, શ્રી મુક્તિવિજયજી તથા શ્રી ભાનુવિજયજી મહારાજનો સંપર્ક થતાં તેમના આત્મા માટે લાભદાયક નીવડ્યો હતો, જેથી આત્મ કલ્યાણ સાધવા પ્રેરાયા અને પોતાના જીવનમાં વર્દ્ધમાન તપની ઓળી ૧૮ વિધિપૂર્વક કરી, અને હાલ શ્રી વીશસ્થાનકની ૧૬ મી ઓળી વિધિ-વિધાનપૂર્વક શરૂ છે.

સંવત ૧૯૯૮ માં શ્રી શત્રુંજયમાં ચાતુર્માસ રહી સં. ૧૯૯૯ માં નવાણું યાત્રા કરી હતી.

સં. ૧૯૯૭ ની સાલમાં પોતાના પૂજ્ય સદ્ગત સસરા વોરૈયા ધરમશી ઝવેરભાઇ (જેમણે પોતાની હૈયાતિમાં શહેર ભાવનગરમાં જૈન ભોજનશાળાનો જન્મ આપી અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન યાત્રાળુઓ અને અશક્ત જૈન બંધુઓના આશીર્વાદ મેળવ્યા છે, તેમના સ્મરણાર્થે તેમના ધર્મપત્ની અંબા બ્હેન ત્રાપજથી છરી પાલતો સંઘ લઇ શ્રી શત્રુંજય ગયા હતા. જેમાં ભાઇ મણિલાલે આગેવાનીભર્યો ભાગ લીધેલ હતો. અને છેવટે તેમનાં ધર્મપત્ની **સૌભાગ્યબ્હેન** સાથે વિધિપૂર્વક ઇંદ્રમાળ-તીર્થમાળ પહેરી હતી.

કુંડલાના જૈન મંદિરમાં સં. ૧૯૯૭ માં પ્રભુ પ્રતિમાને બિરાજમાન કર્યા હતા. તેમજ રૂા. ૧૦૦૦) કુંડલા સાર્વજનિક ધર્મશાળામાં, રૂા. ૧૦૦૧) મ્હેસાણા જ્ઞાન-સમિતિને પ્રચારકાર્ય માટે, શ્રીભાવનગર જૈન ભોજનશાળામાં રૂા. ૨૫૧, મુંબઇ આયંબીલ-શાળા રૂા. ૨૫૧) અને ચાલુ વર્ષમાં પાલીતાણામાં રસોડું રાખી રૂા. ૩૦૦૦) નો ખર્ચ કર્યો હતો. અને લગભગ પાંચ વર્ષ થયા શ્રીયુત મણિભાઇ દર માસે ત્રણસેંહ રૂપીયા આત્મકલ્યાણ માટે ખરચે છે.

ગ્રેજ્યુએટ થયા પછી વ્યાપારી લાઇનમાં જોડાતાં પ્રથમ સને ૧૯૩૩ થી ૧૯૪૧ સુધી જાપાનીસ પેઢી મીટસુબીશી શોજા કેશીના મેનેજર તરીકે મુંબઈમાં કાર્ય કરતા હતા, ત્યારબાદ કલકત્તામાં ગવર્નમેન્ટ કન્ટ્રોલ સ્ટોકીસ્ટ તરીકે લોખંડનું બીઝનેસ કરે છે.

ધર્મશ્રદ્ધા, પૂર્વપુણ્ય, બુદ્ધિચાતુર્ય અને કુશળ વ્યાપારી હોઈ આર્થિક સંપત્તિ વધવા સાથે ધર્મશ્રદ્ધા વધતાં મળેલી સુકૃત લક્ષ્મીનો નિરંતર સદ્વ્યય કર્યે જાય છે.

પોતાના પ્રિય ભગિનીનો સ્વર્ગવાસ થયાં છતાં તેમના પ્રત્યેનો પ્રેમ અને માયાળુપણાનું અદા કરવા સ્ત્રી ઉપયોગી ગ્રંથ મહા સતી શ્રીદમયંતી ચરિત્ર પ્રકટ કરવા આ સભાને એક સારી રકમ સુપ્રત કરી જ્ઞાનભક્તિ કરી છે.

આવા સંસ્કારી, શ્રદ્ધાળુ, કુશળ વ્યાપારી, ઉચ્ચ શિક્ષણ પામેલા ઉદાર નરરત્ન **શ્રી મણિલાલભાઇ** પણ આ સભાની કાર્યવ્યવસ્થા, દેવ, ગુરુ, જ્ઞાન ભક્તિ, સાહિત્ય સેવા જોઈ તેને પણ ન ભૂલતા આ સભાના માનવંતા પેટ્રન પણ થયા છે, જેથી આવા પુરુષો આવું ઉચ્ચ પદ સભાનું સ્વીકારવાથી એક ધર્મી ઉદાર, પુણ્યશાલી પુરૂષની વૃદ્ધિ થવાથી સભાની પ્રતિષ્ઠા વધતાં ગૌરવની પણ વૃદ્ધિ થતાં આ સભા તેમનો આભાર માનવા સાથે પોતાનો આનંદ વ્યક્ત કરે છે.

બંધુ શ્રી **મણિલાલ** દીર્ઘાયુ થાઓ અને ધાર્મિક, શારીરિક, આર્થિક સંપત્તિ વિશેષ વિશેષ પ્રાપ્ત કરી આત્મ કલ્યાણ સાધો એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. આશ્વિન પુસ્તક ૪૫ મું.

વિક્રમ સં. ૨૦૦૩. :: ઇ. સ. ૧૯૪૭ ઑકટોબર :: અંક ૩ જો.

## શ્રી દિવાલીપર્વનું સ્તવન.

( રાગ-ઘરઘરમેં દિવાલી, મેરે ઘરમેં અંધેરા. )

હે ભવિયા! ભજો વીરને, ઉમંગે રંગે આજે,<br>
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. ( ટેક૦ )

શિવપદ જે રાતમાં પામ્યા, શ્રી વીર જિણંદ રે,<br>
શુભ કેવળી વળી વિશ્વે, ગૌતમ મુણીંદ રે;<br>
રત્નતણી દીપમાલાથકી રાત તે રાજે,<br>
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. ( ૧ )

વીરરૂપી ભાવ દીવો, ભરતક્ષેત્રથકી ગયો,<br>
જેથી દ્રવ્ય દિવાલીથી, ઉદ્યોત વિશ્વે થયો;<br>
જન્મ્યું દિવાલી પર્વ ત્યારે સારા સમાજે,<br>
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. ( ૨ )

વિભુ શ્રી વીર મુક્તિનું, અનોખું પર્વ રાજે;<br>
વંદન હો હજારો તે, દેવાધિદેવને આજે;<br>
**દક્ષ** કહે આત્મલક્ષ્મી, વિસ્તારને કાજે,<br>
જગ દિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. ( ૩ )

**મુનિરાજશ્રી દક્ષવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અજ્ઞાનીને ઉપદેશ.

( પદ. )

અજ્ઞાની તારા મનમાં તું જોને વિચારી,
નહિ તો તું પસ્તાશે પૂરો, ગઇ કાં બુદ્ધિ તારી રે. અજ્ઞાની૦
પાપતણા તેં કરીયા ભેગા પુંજ અતિશય ભારી,
તે અંતે ડુબાવી દેશે રહેશે ન સાન કંઈ તારી રે ? અજ્ઞાની૦
આંખો ખોલી જો તું કેવો વિષમ કાળ આ આવ્યો,
અન્ન વસ્ત્રના સારુ ફાંફાં માર્યાં પણ ના ફાવ્યો રે. અજ્ઞાની૦
હજુએ સમજી મનમાં જો તું પાપ કરંતાં પાછું,
જૂઠાણું છોડીને ભાઇ ગ્રહણ કરી લે સાચું રે. અજ્ઞાની૦
કામ ક્રોધ લોભાદિ શત્રુને મિત્રો તેં માન્યા,
નાંખી દેશે અંધ કૂપ તેં તેના ભેદ ન જાણ્યા રે. અજ્ઞાની૦
દીન કંઠ છુરી ફેરવતાં દયા ન તુજને આવી,
ધન મદમાં તેં કંઇ ન વિચાર્યું શું થાશે તુજ ભાવી રે. અજ્ઞાની૦
જ્ઞાનચક્ષુ ખોલી નિજ હૃદયે આત્મા નીરખી લેજે,
તારું ભાવી તો જ સુધરશે આટલું માની લેજે રે. અજ્ઞાની૦

રચયિતાઃ—**ગોવિંદલાલ કકલદાસ પરીખ.**

---

## આધ્યાત્મિક આનંદ.

દુનિયામહીં વાતો ઘણી ચર્ચાથકી સમજાય ના,
ચર્ચા બહુ કરવા છતાં પાર કાંઇ પમાય ના;
લાડુ અને મિષ્ટાન્નની વાતો કર્યેથી શું વળે ?
વાતો કરો મોટી ભલે, પણ સ્વાદ શું તેથી મળે ?
એવી રીતે અધ્યાત્મની ચર્ચા કર્યેથી શું વળે ?
અધ્યાત્મનો આનંદ કૈં ચર્ચા કર્યેથી ના મળે,
અધ્યાત્મના આનંદને વાણી વર્ણવી ના શકે.
અધ્યાત્મનો આનંદ માણે તે જ તે જાણી શકે,
અધ્યાત્મમય જીવન જીવો અધ્યાત્મસુખને જાણવા;
અધ્યાત્મમય જીવન જીવો અધ્યાત્મસુખને જાણવા.

**અનંતરાય જાદવજી શાહ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ' આશાતના '

લેખક :—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

વિવેકી માનવીએ ઉચિત આત્માનું ઉચિત જાળવવું જોઇએ, પણ મિથ્યાભિમાનના નશામાં અજ્ઞાનતાથી ઉચ્ચ કોટિના મહાન પુરુષોની અવગણના ન કરવી જોઇએ. ક્ષાયિક–ક્ષાયોપશમિક કે ઔપશમિક ભાવે આત્મિક ગુણના વિકાસી આત્માઓ ઉપર પૂજ્ય બુદ્ધિ રાખીને તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરવું જોઇએ, તથા એવા પુરુષોનું નામ સાંભળતાની સાથે જ મસ્તક નમી પડવું જોઇએ, તેમની અથવા તો તેમની પ્રતિમા સમક્ષ તેમનો મોભો જળવાય તેમ વર્તવું અને તેમની મર્યાદા જાળવવી. તેમનું અપમાન કે અનાદર થાય તેવી કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ તેમની સમક્ષ આદરવી નહિ. હું જેમના સમક્ષ છું તે કોણ છે? કઇ કોટિના છે? અને હું કોણ છું? મારામાં અને એમનામાં શું અંતર છે? ઇત્યાદિ વિચારપૂર્વક વર્તવું.

સંસારમાં ગુણને લઇને ગુણીનું બહુમાન કરવામાં આવે છે. તેમાં મોહનીયના ક્ષય–ક્ષયોપશમ કે ઉપશમથી પ્રગટ થતાં આત્મિક ગુણો જ તાત્ત્વિક દૃષ્ટિથી ગુણ કહી શકાય છે. તે સિવાય માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી કે અન્ય કોઇ કર્મના ક્ષયોપશમ કે પુન્ય પ્રકૃતિના ઉદયથી કહેવાતા વિદ્વત્તા આદિ ગુણો તાત્ત્વિક નથી; કારણ કે મોહનીયના ઉપશમ વગરના કહેવાતા ગુણોના આત્મિક વિકાસરૂપ લાભ મળી શકતો નથી, તેમજ અધ્યવસાયની શુદ્ધિ થતી નથી. જ્યાં સુધી કોઇ પણ વસ્તુમાં પોતાનો ગુણ પ્રગટે નહિ ત્યાં સુધી વ્યવહારમાં તે વસ્તુનું બહુમાન થતું નથી. વસ્તુનો ગુણ પ્રગટ થયા પછી જ તેનું બહુમાન તથા આદર થાય છે. વૃક્ષોના પુષ્પો ખીલે છે અને ચોમેર સુવાસ ફેલાય છે ત્યારે ભમરા–ભમરીઓ ખેંચાઇને આવે છે અને તેની સેવા કરે છે તેમજ મધુ ગ્રહણ કરે છે. સાદો પાષાણ પડ્યો હોય છે ત્યારે તેની ઉપર સહુ કોઇ બેસે છે અને પગ મૂકીને ઊભા પણ રહે છે, પરંતુ જ્યારે તે ઘડાઇને પૂજ્ય પુરુષની આકૃતિમાં પરિણમે છે ત્યારે બહુમાન કરવામાં આવે છે અને પૂજ્ય બુદ્ધિથી નમન તથા પૂજન કરવામાં આવે છે; તેવી જ રીતે આત્માના ગુણો પ્રગટ થતા નથી ત્યાં સુધી સંસારમાં રખડે છે અને જ્યાં ત્યાં તેનું અપમાન તથા અનાદર થાય છે પણ જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણોનો વિકાસ થાય છે ત્યારે ગુણજ્ઞ–ગુણગ્રાહી માનવીઓ આત્માની ઉપાસના કરીને ગુણો મેળવવાની ચાહના રાખે છે. તેથી તેનું ઘણું જ માન જાળવે છે. જેઓ તે તરફ બેદરકાર રહીને અજ્ઞાનતાથી અપમાન કરે છે તેઓ ગુણો મેળવી શકતા નથી અને ઊલટા અપરાધી બનવાથી ઉભય લોકમાં આપત્તિ–વિપત્તિના આશ્રિત બને છે, જ્યાં જાય છે ત્યાં અપમાન–અનાદર તથા તિરસ્કાર જ મેળવે છે.

સર્વોચ્ચ કોટીના આત્માઓ કે જેમણે સંપૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત કરી છે તેમનું બહુમાન જાળવી તેમની આજ્ઞા પ્રમાણે વર્તનાર વીતરાગ બની શકે છે અને પોતાના આત્માનો વિકાસ સાધી શકે છે, પણ વીતરાગની સમક્ષ રાગ–દ્વેષનું વર્તન કરનાર પ્રભુનો અપરાધી બને છે. વીતરાગની પ્રતિમા વીતરાગ સદૃશ હોવાથી વીતરાગ જેટલું જ તેનું માન જાળવવું જોઇએ. વીતરાગના ગુણોનું બહુમાન કરવા અવગુણવાળી પ્રવૃત્તિ ન આદરવી જોઇએ છતાં જેઓ તે તરફ દુર્લક્ષ્ય રાખે છે અને કષાય–વિષયવાળી પ્રવૃત્તિ આદરે છે તેઓ પ્રભુની આશાતના કરે છે, અર્થાત્ તેવી પ્રવૃત્તિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના આત્માને અધોગતિના અધિકારી બનાવે છે, એટલે તે પ્રભુની આશાતના નથી કરતો, કારણ કે પ્રભુની આશાતના થઇ શકતી નથી પણ પોતાના આત્માની આશાતના કરે છે. જે પોતાના આત્માની આશાતના ટાળે છે તે જ પ્રભુની આજ્ઞા પાળે છે. અર્થાત્ પ્રભુની સાથે ઉચિતપણે વર્તીને પ્રભુનું બહુમાન કરે છે અને તેથી આત્મા અપરાધી ન બનવાથી માઠી ગતિની યાતનાઓથી બચી જાય છે, માટે આશાતનાનો અર્થ જ એ થાય છે કે સર્વોચ્ચ કોટીના પવિત્ર પુરુષોના આગળ મન-વચન-કાયાને અપવિત્ર વ્યાપારમાં વર્તાવીને આત્માને અસહ્ય યાતનાઓનો ભોગી ન બનાવવો, માટે પવિત્ર પુરુષોના સમક્ષ તો પવિત્ર જ વ્યાપારો જોઇએ કે જેથી આત્મા પવિત્ર બનીને સર્વ દુ:ખોથી મુક્ત થઇ જાય.

આશાતના અને અપમાન બંનેમાં કાંઇક અંશે સાદશ્યતા રહેલી છે. સર્વોચ્ચ કોટીના આત્માઓની સાથે અનુચિત વર્તન આચરવું તે આશાતના અને મધ્યમ કોટીના આત્માઓની સાથે ઉદ્ધતપણે વર્તવું તે અપમાન કહેવાય છે જે આત્માઓમાંથી માન સર્વથા ખસી ગયું છે અર્થાત્ જેમના કષાય ક્ષય થઇ ગયા છે તેમનું અપમાન થઇ શકતું જ નથી. કષાયોને લઇને જ માન તથા અપમાનને અવકાશ છે, પણ જ્યાં સમગ્ર મોહનો ઉપશમ કે ક્ષય થઇ ગયો હોય ત્યાં માન કે અપમાન જેવું કશુંય હોતું નથી. જે આત્મા જેટલે અંશે અજ્ઞાનતા ટાળીને વિકાસ મેળવે છે તેટલે અંશે તે આત્મા માન-અપમાનથી મુકાય છે. જે જીવો અહંતાના આશ્રિત હોય છે તેમને માનની ઘણી જ ભૂખ હોવાથી જ્યાં ત્યાં માનની ભીખ માગતા ફરે છે. જો તેમની પાસે પૈસાની સારી સગવડ હોય તો હજારો ખરચીને તુચ્છ સ્વાર્થી હલકા માણસો પાસેથી પણ માન ખરીદીને સંતોષ માને છે. સંસારમાં માનવી માત્રને કુદરતે વેચવાને માટે માન આપેલું છે, તે હલકી કિંમતનું તથા ભારે કિંમતનું પણ હોય છે. જેઓ સારા શ્રીમંત હોય છે તેઓ બહુ મૂલ્યવાળું માન ખરીદે છે અને જેઓ સાધારણ સ્થિતિના હોય છે તે અલ્પ મૂલ્યવાળું ખરીદે છે. અને તદ્દન કંગાળ અથવા તો ધન-સંપત્તિથી વેગળા રહેનારા માન આપીને માન મેળવે છે. તાત્પર્ય કે સંસારમાં મધ્યમ તથા તેનાથી નીચી કોટીના માનવીઓમાંથી ભાગ્યે જ કોઇ એવો હશે કે જેને માનની ભૂખ નહિં હોય, માનની ભૂખ મટાડવાને માટે કેટલાકની પાસે ઝવેરાત જેવી જપ-તપ તથા ત્યાગ આદિ અમૂલ્ય વસ્તુઓ હોય છે કે જેની કિંમત જ આંકી શકાય નહિં. તેનો વ્યય કરીને ચિંતામણી આપીને કાચ ખરીદવાની જેમ-માન ખરીદીને ઘણો જ સંતોષ માને છે. જે વ્યક્તિએ અજ્ઞાની જનતાની પાસેથી પુષ્કળ પ્રમાણમાં માન મેળવ્યું હોય છે તેવાઓનું આપેલું માન ઘણું જ કિમતી ગણાય છે, અને તેનાથી ઇતરનું માન થોડી કિંમતવાળું ગણાય છે. માનની ભૂખવાળાને હમેશાં જેમને કહેવાતા શ્રીમંતો તથા વિદ્વાનો બહુ માનતા હોય તેવાઓના માનના પાનની ઘણી જ ચાહના રહે છે અને તેથી તેને મેળવવાને છૂટથી ધન સંપત્તિને તથા સાચી આત્મિક સંપત્તિ મેળવવાને સંઘરી રાખેલા જપ-તપ-ત્યાગ આદિનો વ્યય કરતાં અચકાતા નથી.

આ પ્રમાણે માનના ઉપાસક માનવીઓને જો અજ્ઞાની જનતાના માન વગરની સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થતી હોય તો તેનો અનાદર કરીને માન મેળવવા માટે જ આતુર રહે છે; કારણ કે પુદ્ગલાનંદી-વિષયાસક્તને લોકોત્તર માન કરતાં લૌકિક માન અત્યંત પ્રિય હોય છે. અને એટલા માટે જ તેઓને શુભ કર્મના ઉદયથી મળેલી લોકોત્તર માન મેળવવાની સાધન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામગ્રીને તુચ્છ સમજીને વિકાસના બાધક અજ્ઞાનીઓને આકર્ષી તેમનું માન મેળવવાના પ્રયાસો કરે છે, અને તેમની પાસેથી વિષયપોષક ખાન-પાન તથા માન મેળવીને પરમ સંતોષ માને છે અને પોતે કૃતકૃત્ય સમજે છે, જો કે આવા માનવીઓ લોકોત્તર માન મેળવવાનો બહારથી ડોળ તો કરે છે છતાં તેમાં તેમની શ્રદ્ધા ન હોવાથી તેની પ્રવૃત્તિ પ્રત્યે બહુમાન હોતું નથી. તેઓ જે બહારનો દેખાવ કરે છે તે કેવળ લૌકિક માન મેળવવાની ખાતર જ હોય છે. લૌકિક માનને તુચ્છ સમજીને તેની ઉપેક્ષા કરનાર લોકોત્તર માનના ઉપાસકો ઉચ્ચ કોટીના હોવાથી તેમને અપમાન નડતું નથી પણ તેમનું અપમાન કરનારનું જ અપમાન થાય છે; કારણ કે લોકોત્તર માનના ઉપાસક તેમને કહેવામાં આવે છે કે જેમનો દેહાધ્યાસ છૂટવાથી બહિરાત્મ દશા ટળીને અંતરાત્મ દશા પ્રાપ્ત થઇ છે, અને જેઓ દેહાદિની ગૌરવતાને તુચ્છ સમજે છે, માટે તેમને દેહ તથા કૃત્રિમ નામના બહુમાનની જરાય અસર થતી નથી એટલે અપમાનની પણ અસર હોતી નથી; પરંતુ લૌકિક માનને પ્રધાનતા આપનારાઓમાં તીવ્ર દેહાધ્યાસ રહેલો હોવાથી તેમને અપમાનની ઘણી જ અસર થાય છે, કારણ કે તેમણે પોતે માની રાખેલી માન આપવાની પદ્ધતિથી વિપરીતપણે તેમની સાથે વર્તનાર ઉપર અપમાન કરવાની માન્યતા હોવાથી પોતાનું અપમાન થયું છે એમ માનીને ઘણું જ દુઃખ ઉપજાવે છે, માટે જ તેમનું અપમાન થાય છે. કષાય મોહનો કેદી અને લોકોત્તર માનની અવજ્ઞા કરીને લૌકિક માનના લાલચુને બીજાની પ્રવૃત્તિ અપમાનવાળી લાગવાથી ખેદ-ઉદ્વેગ તથા દ્વેષને આશ્રય આપે છે, એટલે તેનું અપમાન અવશ્ય થાય છે, અને તેથી તે અપમાન કરનારનું અપમાન કરીને બદલો વાળવાની માન્યતાથી પ્રાય સંતોષ માને છે, કારણ કે સામેનો માણસ પણ તેમના જેવો જ હોવાથી તેને અપમાનથી થયેલું દુઃખ જોઇને શાંતિ મેળવે છે.

સંસારમાં એક આત્મા જ સન્માનનો અધિકારી છે કે જેનું દેહાદિની જેમ અપમાન થઇ શકતું જ નથી. છતાં તે જ્યાં સુધી મોહના તાબે રહીને માન કષાયનું બહુમાન કરે ત્યાં સુધી તે અપમાનથી મુકાતો નથી; કારણ કે તે માનની શિખવણીથી પોતાનું અપમાન માને છે. દેહ તથા તેની કૃત્રિમતાને પોતાનાથી અભિન્ન માને છે. જો કે તે માનવીઓને મરતા નિર્જિવ કલેવર-દેહથી પોતે જાણે તો છે કે દેહ અને જીવ બે જુદી વસ્તુ છે તો યે અનાદિ કાળની અજ્ઞાનતાને લઇને દેહમાં ઔદાયિક ભાવે થવાવાળા કર્મના વિકાસોને પોતાના માને છે. પોતાની જ્ઞાન-દર્શન-જીવન તથા ચારિત્રાદિ સાચી સંપત્તિના ભોગે પણ દેહનું બહુમાન કરાવે છે અને પોતે સર્વસ્વ મળી ગયા જેટલો આનંદ મનાવે છે, માટે ખરૂં જોતાં તો જીવ જ્યાં સુધી સાચું જાણીને સાચી શ્રદ્ધા રાખતો નથી ત્યાં સુધી પોતે જ પોતાનું અપમાન કરે છે. સાચું ન સમજનાર અજ્ઞાની જીવ માનને અપમાન અને અપમાનને માન સમજે છે. જે વસ્તુ જે ગુણ-ધર્મવાળી તેને ગુણ-ધર્મથી ઓળખવાથી તથા કહેવાથી તે વસ્તુનું બહુમાન કર્યું કહેવાય છે અને તેનાથી વિપરીત ગુણ-ધર્મવાળી માનવી તે અપમાન કરવા બરોબર છે. પૌદ્ગલિક વસ્તુઓમાં આનંદ તથા સુખ માનનાર, જડાત્મક વસ્તુઓ પોતાની હોવા છતાં પણ પોતાની માનનાર, દેહાદિની પુષ્ટિ-સેવા તથા તેના બહુમાનને પોતાનું જ માનનાર અને જડાત્મક વસ્તુ ક્ષણભંગુર હોવાથી તેનો નાશ થતાં પોતાનું મોટું નુકશાન સમજીને અત્યંત દુઃખ મનાવનાર આત્મા અજ્ઞાન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાથી પોતે જ પોતાનું અપમાન કરે છે, કારણ કે આત્માની આવા પ્રકારની સ્થિતિ ન હોય છતાં પણ તેના માટે આવી માન્યતા ધારણ કરવી તે આત્માની ઉપર મિથ્યા આરોપ મૂકીને તેનું અપમાન કરવા જેવું છે. જે માણસો બીજાનું અપમાન કરે છે તેઓ પણ આવી જ રીતે અજ્ઞાનતાથી અછતા અવગુણોનો આરોપ કરીને બીજાને હલકા બનાવે છે, માટે તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો જ્યાં સુધી આત્મા પોતે જ પોતાનું અપમાન કરવાથી નિવૃત્ત નહિં થાય ત્યાં સુધી તેનું અપમાન થવાનું. જ્યારે તે પોતાનું બહુ સન્માન કરવાની જાગૃતિ લાવશે ત્યારે જ તે સંસારી જીવોના અપમાનથી મુક્ત થઈને પ્રાણી માત્રના સાચા સન્માનનું પાત્ર બનશે.

આવી રીતે પુદ્ગલાનંદી વસ્તુસ્વરૂપથી અણજાણ જીવો આપસમાં પરસ્પર નક્કી કરી રાખેલી વર્તવાની પદ્ધતિને માન તથા અપમાન તરીકે ઓળખે છે. માનવીઓની સમજણ અનેક પ્રકારની ભિન્ન ભિન્ન હોવાથી માન તથા અપમાન મેળવવાની પદ્ધતિ પણ અનેક પ્રકારની ભિન્ન ભિન્ન હોય છે. દેશકાલને અનુસરીને પણ તેમાં ભિન્નતા રહેલી હોય છે તેમજ તેમાં કાળને અનુસરીને તો પદ્ધતિમાં પણ પરિવર્તન થતું દૃષ્ટિગોચર થાય છે. ત્યારે વસ્તુને વસ્તુ રૂપે ઓળખનાર જ્ઞાની પુરુષોમાં માન આપવાની પદ્ધતિ એક જ પ્રકારની હોય છે. જો કે ગુણોની તારતમ્યતાને લઇને તેમાં કાંઈક અંશે ભિન્નતા હોય છે, પણ તે ભાવોમાં હોય છે. જ્ઞાની પુરુષો આત્મદૃષ્ટિ હોવાથી ત્યાં અપમાનને તો અવકાશ હોતો નથી. વસ્તુતત્ત્વમાં અણજાણ જીવો વસ્તુના ગુણોથી અનભિજ્ઞ હોવાથી કે ગુણી આત્માની સાથે વાણી, વિચાર તથા વર્તનની ઉચિતતા જાળવી શકતા નથી જેથી કરીને જોનાર અણજાણ વ્યકિત વ્યવહારથી તેની પ્રવૃતિને અપમાન તરીકે ગણે છે. છતાં તેથી ગુણીનું અપમાન થતું નથી. અર્થાત્ ગુણીના ગુણોને કોઇ પણ પ્રકારનો બાધ નડતો નથી તેમજ ગુણો નષ્ટ થતા નથી, તેથી જો અનુચિત વર્તન—આશાતના કરનાર અજ્ઞાનતાના દોષને લઇને પોતાની અનુચિત પ્રવૃત્તિનું માઠું ફળ મેળવે છે. ઉચ્ચ કોટીના મહાપુરુષો કે જેમણે કાંઈક અંશે આત્મવિકાસ મેળવ્યો છે એવા સમભાવી શાંત અંતરાત્મ દશામાં વિચરતા પ્રભુના માર્ગના અનુયાયી આત્માઓની અવજ્ઞા કરવી તથા તિરસ્કાર કરીને તેમના સમક્ષમાં રાગ-દ્વેષની સૂચક પ્રવૃત્તિઓ આદરવી તે તેમનું અપમાન કરવા જેવું છે, કારણ કે આવા વર્તનવાળાની બુદ્ધિમાં અપમાન કરવાની ભાવના હોય છે અથવા તો ઉચિતનું યોગ્ય માન જાળવવાની કાળજી વગરના હોય છે. એટલે બાહ્ય દૃષ્ટિથી અપમાન જેવું લાગે પણ મહાપુરુષનું અપમાન થતું જ નથી, કારણ કે મહાપુરુષો કોઇ પણ જીવ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે તેથી પોતાનું અપમાન સમજતા જ નથી અને તેથી સમ્યગ્ જ્ઞાનને લઇને તેમને કષાય કનડી શકતા નથી. પરંતુ અપમાન બુદ્ધિથી તથા ઉચિત વર્તનની બેદરકારીથી અપમાન કરનારનું ઉભયલોકમાં અહિત થાય છે.

મધ્યમ કોટીના માનવીઓ કે જેમણે ઉચ્ચ કોટીના મહાપુરુષોના પ્રમાણમાં ગુણો મેળવ્યા નથી પણ તે ગુણોની સૂચક બહારથી માત્ર પ્રવૃત્તિ આદરેલી હોય છે એવાઓ જો મહાપુરુષોને ઉચિત માન મેળવીને રાજી થાય અથવા માન મેળવવા પ્રયાસ કરે તો તેઓ મહાપુરુષોનું-અપમાન આશાતના કરીને પોતે પણ અપમાનિત થાય છે. અર્થાત ગુણ વગર પણ ગુણીપણાનું માન મેળવી ગર્વથી પુલકિત થવું તે એક પ્રકારનું અપમાન છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપમાનને પણ માન તરીકે માનવું તે મૂર્ખતા છે. આવી રીતે સર્વથા નિર્ગુણીને પણ પુરુષોચિત માન આપનાર પણ મહાપુરુષોની અવજ્ઞા–આશાતના કરીને માન લેનારનું અપમાન જ કરે છે. માન આપનાર જો અજાણ હોય તો કાંઇક ઓછો અપરાધી બને પણ જાણીને જો માન આપી ઉચ્ચકોટીના પુરુષોનું અપમાન કરે તો તેને ભાવ તો મળી શકતો જ નથી પણ આત્મા અહિતરૂપ હાનિ તો પ્રાપ્ત થાય જ છે; માટે ઉચિતનું ઉચિત માન જાળવવાથી જ લાભ મળી શકે છે. સર્વોચ્ચકોટીના વીતરાગ દેવ સાક્ષાત્ હોય કે તેમની પ્રતિમા હોય તેમની સમક્ષ અનુચિત વર્તન કરવાથી પ્રભુની આશાતના કરી કહેવાય છે પણ અપમાન કહેવાતું નથી. પ્રભુની આશાતના કરનાર જીવ અવશ્ય માઠી ગતિ મેળવે છે. કદાચ પ્રબળ પુન્યના ઉદયથી આ લોકમાં મીઠું ફળ પણ ભોગવે તેથી કાંઈ તે ભાવી ભવોની અસહ્ય યાતનાઓથી મુકાતો નથી. આત્મિક ગુણોનો તિરસ્કાર કરનાર સમગ્ર આત્માઓનો તિરસ્કાર કરે છે અને વિકાસી આત્માઓનો તિરસ્કાર કરવો તે કર્મોને પોષવા જેવું છે. કર્મો પુષ્ટ બનવાથી આત્માના ગુણોને ઢાંકી દઇને તેને અત્યંત મલિન બનાવે છે. આત્માની મલિનતા એટલે કર્મની આધીનતા કે જેને લઇને આત્મા વિકાસની બાધક પ્રવૃત્તિઓ આદરે છે અને પોતાને જ્ઞાની જણાવે છે. પોતે જાણે છે અને માને છે પણ તે બધુંય મિથ્યા, કારણ કે તેમાં પ્રબળ મોહની પ્રેરણા છે. પુદ્ગલાનંદી, વિષયાસક્ત હોય જ છે. તેનું જાણવું–માનવું તથા આદરવું બધુંય મિથ્યા છે. બુદ્ધિના ક્ષયોપશમથી ભલેને તે વીતરાગનાં વચન કેમ ન જાણે–જણાવે તોયે તે પ્રભુની તો આશાતના કરે જ છે, કારણ કે તે મોહની શિખવણીથી પાંચે ઇંદ્રિયોના વિષય પોષવા પ્રભુના પવિત્ર વચનોનો ઉપયોગ કરે છે. પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવ પ્રભુનો શુદ્ધ શ્રદ્ધાપૂર્વક આદર કરી પ્રભુનું બહુમાન કરી શકતો નથી તેથી પ્રભુની આશાતના ટાળી શકતો નથી. દેહની અશુદ્ધિથી થતી આશાતનાઓ કરતાં ભાવની અશુદ્ધિથી થતી આશાતનાઓ આત્માનું અત્યંત અહિત કરનારી છે. કષાય વિષયના બંધનમાંથી મુકાયા સિવાય ભાવશુદ્ધિ થઇ શકતી નથી, માટે કષાયાદિના પરિણામો બદલાય નહિ ત્યાં સુધી મન–વચન તથા કાયાથી થતી પ્રભુની આશાતના ટાળી શકાય નહિં. કષાયાદિથી મુકત પવિત્ર પુરુષોની દેહાદિની શુદ્ધિ કરવી પડતી જ નથી કારણ કે મોહની મંદતાને લઇને તેમની ભાવ શુદ્ધિ પ્રબળ હોય છે એટલે તેઓ પ્રભુને શુદ્ધ સ્વરૂપે જાણે છે, જુએ છે તેથી તેઓ પ્રભુની આશાતનાથી સર્વથા મુકત હોય છે અને એટલા માટે જ તેઓ સર્વ દુ.ખોથી મુકાઇને પ્રભુસ્વરૂપ બની શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયરત્નાવલિ

મુનિરાજશ્રી ધુરંધરવિજયજી.

( ૯ )

**अकाले कृतमकृतं स्यात् ॥ ९ ॥**

અનવસરે કરેલું નહિ કર્યું થાય છે. માણસે અવસરને ઓળખતા શિખવું જોઇએ. અવસરનો અજાણ ખરેખર અજાણ–મૂર્ખ છે. જીવનમાં એવા અનેક કાર્યો હોય છે કે જે કર્યા સિવાય ચાલતું નથી, કરવા તો પડે જ છે. તો પછી શા માટે જ્યારે તે કાર્યો કરવાના હોય ત્યારે ન કરવા ?

મન્દતા, આળસ અને ઉપેક્ષા એ ત્રણ સમયે કામ કરવા દેતા નથી. સમય વીત્યા પછી કરેલ કાર્યનું ફળ મળતું નથી. એ રીતે માણસ આખર નિષ્ફળ બને છે.

યુવાનને કેટકેટલા કાર્યો કરવાનો સમય છે ? છતાં તેની યુવાની કેવી વિફળ વીતી રહી છે ? ધર્મ–અર્થ–કામ કે મોક્ષમાંથી એકે પુરુષાર્થને તે ઉચિત રીતે સાધે છે ? જુવાની જશે ને પછી તે જાગશે ત્યારે પસ્તાશે.

ધર્મોપદેશકો કહે છે કે–આ માનવ–જન્મ ધર્મ સાધવાનો અમૂલ્ય અવસર છે. ફરી ફરી એ હાથમાં નહિ આવે માટે સાધી લ્યો. પછીથી ખેદ કરશો તે કામ નહિં આવે. નીતિનું સૂક્ત પણ સમજાવે છે.

**કલ કરના સો આજ કર,**
**આજ કરના સો અબ;**
**અવસર બીત્યો જાત હૈ,**
**ફીર કરેગા કબ ?**

* * *

કયે કાળે શું કરવા યોગ્ય છે, તેનો વિચાર ઝીણવટથી કરવો જોઇએ. એ વિચાર વગર ઘણું કરે તો પણ તે નકામું નીવડે છે.

શેઠ સગાળશા એક ભક્ત હતો. તેની એક વાત છે.

દેશમાં દુકાળ પડ્યો હતો. શેઠ દાનેશ્વરી હતો. અન્નના ભંડારો તેની પાસે ભરપૂર હતા, છૂટે હાથે અન્નદાન દેવાનો એ અવસર હતો. પણ દાનેશ્વરી શેઠ છૂટે હાથે સુવર્ણ દાન દેતો. શું ભૂખ્યાની ભૂખ સોનું દૂર કરી શકે છે ?

એ ત્રણ સન્ત–મહાત્મા તેને ત્યાં આવ્યા. ભિક્ષા માંગી. શેઠે સોનામહોરો ખોબે ખોબે આપી. મહાત્માઓ તે લઇને ચાલ્યા ગયા. એક નદીકિનારે તેમનો આશ્રમ હતો. કાળ પલટાઈ ગયો. એકદા યાત્રા માટે શેઠ જતા હતા. જે નદીકિનારે તે ઋષિઓનો આશ્રમ હતો તેને પેલે પાર શેઠને જવાનું હતું. શેઠ હોડીમાં બેઠા. હોડી ચાલી. પવનની પ્રતિકૂળતાથી નદીમાં તોફાન થયું. નૌકા અને નાવિક બન્ને બેકાબૂ બન્યા. હોડી ડૂબી ને પાટિયાને આધારે તરતા તરતા શેઠ નદીકિનારે આવ્યા. કરુણાર્દ્ર અન્તઃકરણવાળા ઋષિઓએ તેમને બચાવ્યા. બેહોશ સ્થિતિમાં એક વૃક્ષ તળે શીતળ છાંયમાં તેમની સેવા તે સંતો કરવા લાગ્યા. શેઠ શુદ્ધિમાં આવ્યા. તેમણે પાણી અને અન્ન તરસ અને ભૂખ શાન્ત કરવા માગ્યા. સાચી સમજ આપવાનો આ અવસર હતો. સંતો અવસર ચૂકે તેવા ન હતા. તેમણે તે જ શેઠની તે જ સોનામહોરો તેના હાથમાં મૂકી. શેઠને બધા પ્રસંગો ખ્યાલમાં આવ્યા. તેની આંખ સામે અન્નજળ માટે ટળવળતા દીન દુઃખી માણસોની સૃષ્ટિ ખડી થઈ. પોતાને ત્યાં તૂટો ન હતો. પોતે તે અવસર ગુમાવ્યો તે માટે તેને અત્યારે ખૂબ ખૂબ લાગી આવ્યું. તેની આંખમાંથી અશ્રુધાર વહેવા લાગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંતોએ આશ્વાસન આપ્યું. ખવરાવી પીવરાવી તેને સ્વસ્થ કરી કહ્યું કે–હવેથી અવસર ચૂકતો નહિ. શેઠે કોઈપણ અતિથિને ભોજન કરાવ્યા સિવાય ભોજન ન કરવાનો નિયમ લીધો. સંતોની વિદાય લઈ યાત્રા કરી સ્વગૃહે આવ્યા. પછી નિયમને પૂર્ણપણે પાળ્યો. આકરી પરીક્ષામાંથી પસાર થઈને પણ નિયમ સાચવ્યો.

સમજુ માણસો આ વાતથી પોતાના અવસરને વિચારી કર્તવ્યપરાયણ બને.

* * *

જૈનાગમોમાં જે કાલે કરવાનું હોય તે ન કરે અને ન કરવાને કાલે કરે તે માટે ખાસ પ્રત્યવાય દર્શાવેલ છે, કરવાને સમયે કરવા માટે ખૂબ ભાર મૂકેલ છે. પગામ સજ્ઝાય સૂત્રમાં કહ્યું છે. **अकाले कओ सज्झाओ, काले न कओ सज्झाओ, असज्झाए सज्झाइअं, सज्झाए न सज्झाइअं, तस्स मिच्छामि दुक्कडं।**

પ્રાતઃકાળમાં મુનિ પોતાના કર્તવ્ય માટે ગુરુમહારાજશ્રીને વિનયપૂર્વક પૂછે કે–ભગવાન્! આજે હું શું કરું? વેયાવચ્ચ–સેવા કે તપ? અવસરના જાણ ગુરુમહારાજ શિષ્યને જે કરણીય હોય તે કરવા કહે.

ગુરુમહારાજશ્રી ગામમાં પધારતા હોય, સામૈયું કરી શાસનપ્રભાવના કરવાનો સમય હોય ત્યારે શ્રાવકો સામાયિક પોસહ કરીને બેસે, પૂજામાં લાગી જાય તો તે ઉચિત નથી. તે સમયે મહારાજશ્રીની સામે જવું, બહુમાન કરવું ને શાસનશોભાની વૃદ્ધિ થાય તે પ્રમાણે વર્તવું એ જ ઉચિત છે.

આ ન્યાય જે પ્રમાણે અકાળે કરેલું અફળ જાય છે–એ સમજાવે છે તે જ પ્રમાણે કાળે કરણીય ન કર્યું હોય તો પણ પાછળથી ખૂબ ખેદ થાય છે, એ હકીકત પણ સમજાવે છે.

કાળે ન કર્યું હોય તો તેના કેવા માઠા ફળો ભોગવવા પડે છે તે અજાણ્યું નથી.

એક ખેડૂત ચોમાસું આવતા પહેલાં જમીન ખેડીને તૈયાર ન કરે, અવસરે વાવણી ન કરે, આળસમાં ને આળસમાં વખત ગુમાવી બેસે. વરસાદ વરસી જાય. આજુબાજુ ખંતવાળા ખેડતોના ખેતરો ધાન્યથી પરિપૂર્ણ ડુંડાઓથી લચકતા હોય ત્યારે તે મૂર્ખ ખેડૂતને કેવો ખેદ થતો હોય તે અનુભવી જ જાણી શકે.

ભણવાનો કાળ રમતમાં ગુમાવે, અર્થ ઉપાર્જન કરવાનો સમય વિલાસમાં વીતે, ધર્મારાધનનો અવસર આળસમાં એળે જાય, પછી શું રહે?

**प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम्।**
**तृतीये नार्जितो धर्मः; चतुर्थे किं करिष्यति?।**

* * *

'ન્યાયમાલા' માં માધવે આ ન્યાયનો ઉપયોગ કર્યો છે. આ પ્રમાણે—

**"किं चतुर्धा करणादूर्ध्वमावाह्यते किंवा प्रयाजेभ्यः पुरा, नाद्यः, अकाले कृतमकृतं स्यादिति, न्यायेनावाहनस्य निरर्थकत्वात्।"**

યજ્ઞમાં આવાહન કરવાનું હોય છે. તે આવાહન ચાર પ્રકારના કરણ કર્યા બાદ કરવું કે પ્રયાજ–યજ્ઞની પૂર્વે કરવું? કરણ પછી આવા અકાળે કરેલું અફળ થાય છે એ ન્યાયથી તે સમયે કરેલું આવાહન નિરર્થક થાય છે.

એ જ રીતે જૈમિનિસૂત્ર ઉપરના શાબર ભાષ્યમાં, ન્યાયકંદલીમાં પાતંજલ ભાષ્યમાં આ ન્યાયનો ઉપયોગ આવે છે.

* * *

જીવનને સાર્થક બનાવવા માટે આ ન્યાયને સમજી–યથાર્થપણે હૃદયમાં ઉતારી હાથમાં આવેલ સમય ચૂકવો નહિં. જીવનમાં જાગૃતિ અને ઝડપ બે સતત કેળવવા કે શ્રેયની પરંપરા પ્રાપ્ત થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગમીમાંસા

**સં. મુ. પુણ્યવિજય. ( સંવિજ્ઞપાક્ષિક )**

ગતાંક પૃ. ૧૭ થી શરૂ

ચરમ યથાપ્રવૃત્તિકરણ અપૂર્વકરણની નિકટમાં હોવાના કારણે તથા અપૂર્વકરણરૂપ કાર્યનું ઉત્પાદક હોવાના કારણે **અપૂર્વકરણ** જ છે. અપૂર્વકરણના પ્રતાપે ગ્રંથિભેદ થયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં પાંચમી **સ્થિરાદૃષ્ટિ**નો લાભ થાય છે, જે સમયે મોક્ષપ્રાપક સદનુષ્ઠાનમાં વાસ્તવિક પ્રવૃત્તિ થાય છે, અને ઔદયિક કર્મના પ્રભાવે વિષયાદિનો ઉપભોગ થવા છતાં તે હેયતયા માનીને જ નિરસભાવે થાય છે. આ બન્નેનો અનુક્રમે **'સત-પ્રવૃત્ત પદાવહ'** (શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિથી પ્રાપ્ય જે મોક્ષપદ તેનું પ્રાપક ) તથા **'વેદ્યસંવેદ્ય પદ'** કહેવામાં આવે છે. "**वेद्यम्-स्त्री आदि सम्यग् हेयतया वेद्यते अनुभूयते यत्र पदे सति-आशय विशेषे सति तत् वेद्यसंवेद्यपदम्**"

પ્રથમની ચાર દૃષ્ટિમાં 'અવેદ્યસંવેદ્ય પદ' ના તથાપ્રકારની ઉલ્બણતા-ઉગ્રતા હોવાના કારણે વાસ્તવિક 'નિર્મળ બોધ' હોતો નથી. માત્ર 'શ્રુતજ્ઞા' માની શકાય, જેને સકલ શાસ્ત્ર અવિરોધી અર્થ નિર્ણાયક જ્ઞાન તરીકે માનવામાં આવે છે, કિન્તુ પદાર્થગ્રાહી માત્ર જ્ઞાન તો નિબિડ મિથ્યાદૃષ્ટિઓને જ હોય; તેવું જ્ઞાન અપુનર્બંધકાદિને ન હોય છતાં પ્રમાણ નય નિક્ષેપાદિથી યુક્ત મહાવાક્યાર્થરૂપ સૂક્ષ્મ યુક્તિગમ્ય 'ચિંતાજ્ઞાન' પણ ન હોય તેમજ તાત્પર્યગ્રાહિ ઐદંપર્યાર્થરૂપ સર્વત્ર હિતકારી તથા સદનુષ્ઠાનમાં પ્રવર્તક **'ભાવના જ્ઞાન'** પણ ન હોય. એ તો સમ્યગ્દૃષ્ટિમાં જ હોય. યદ્યપિ માસતુષાદિવત્ સમ્યગ્દૃષ્ટિમાં પણ ચિંતા જ્ઞાનનો અભાવ અનુભૂત થાય છે, તથાપિ ગીતાર્થ ગુર્વાજ્ઞા પારતંત્ર્ય હોવાના કારણે; અને જ્ઞાનના ફળરૂપ શ્રદ્ધા અને વિરતિ હોવાના કારણે એમાં ચિંતાજ્ઞાન માનવામાં બાધ નથી.

મુક્તિનો વાસ્તવ્ય અદ્વેષ ગુણ પ્રગટ થયા બાદ અપુનર્બંધકાદિ કથંચિત પૌદ્ગલિક સુખની અપેક્ષાએ ધર્મક્રિયાનો કરનાર છતાં તેનું અનુષ્ઠાન વિષ કે ગરલ થતું નથી, પરંતુ તદ્દ. હેતુ અનુષ્ઠાન રહે છે. કારણ એની અપેક્ષા વાસ્તવિક જ્ઞાન થયા બાદ વિનાશિની છે, અર્થાત્ એનામાં પ્રજ્ઞાપક ગુરુના યોગમાં ધર્મદેશનાના શ્રવણ બાદ પ્રજ્ઞાપનાની યોગ્યતા આવી ગઈ છે, માત્ર વિશિષ્ટ જ્ઞાન નથી; તેથી જ આપા-

---

આ ન્યાયના અર્થ માટે નીચેનું હરિગીત મનન કરવા યોગ્ય છે.

**આ જાગવાનો સમય છે**
**તેને વિષે તું કયું સૂવે ?**
**આ નાસવાના સમયમાં,**
**શાને વળી બેસી રહે ?**

**તુજ જીવન ધનને લૂંટવા,**
**ત્રણ તસ્કરો પૂંઠે પડયા,**
**એક રોગ બીજી જરા,**
**ત્રીજો મૃત્યુ એ સૌને નડયા.**

**समयं गोयम मा पमाए** એ ધ્રુવ વાક્યને હૃદય સન્મુખ રાખી સમયને સાધી ઉજમાળ બનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમાં અપેક્ષા હોવા છતાં ભાવિમાં એ અપેક્ષા નિવૃત્ત થઇ શકે છે. એથી જ શાસ્ત્રોમાં સૌભાગ્યાદિની ઇચ્છાથી તે તે યોગ્ય જીવોને રોહિણ્યાદિ તપનું વિધાન પણ કરવામાં આવ્યું છે.

વાસ્તવ્ય મુક્તિ અદ્વેષ ગુણ પ્રગટ થયા બાદ જે અનુષ્ઠાન મુક્તિના ઉદ્દેશથી કરાતું હોય; અથવા તો જે પરંપરાએ મુક્તિનું કારણ બનતું હોય તે અનુષ્ઠાનને તદ્ધેતુઅનુષ્ઠાન કહેવામાં આવે છે.

જ્યારે મિથ્યાત્વ અતિ મંદ થઇ જાય, ત્યારે મિત્રાદિ દૃષ્ટિઓ પણ અપુનર્બંધકાદિ પ્રકારે માર્ગાભિમુખ કરી ભાવના કારણરૂપ **દ્રવ્યયોગ** બને છે, અને મોક્ષનું યોજન કરે છે. ચરમાવર્તી હોવાથી વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત થઇ છે એથી ભદ્રક પરિણતિમાન્ અપુનર્બંધક–મિથ્યાદૃષ્ટિનું મોક્ષના ઉદ્દેશથી સેવાતું દ્રવ્યાનુષ્ઠાન પણ ભાવનું પ્રાપક હોઇ શિવરાજર્ષિની જેમ યોગ્ય છે.

અચરમાવર્તમાં અનાભોગે યા તો વિપર્યાસે જે અનુષ્ઠાનનું સેવન કરવામાં આવે તે અનુષ્ઠાન મુખ્યતયા લોકાનુષ્ઠાન યા તો ‘ ઓઘાનુષ્ઠાન ’ કહેવામાં આવે છે. એમાં પણ ભવાભિનંદી જે ક્રિયા કરે તે તો યોગની વિરોધિની જ હોય છે. આ જ કારણે અચરમાવર્તને ધર્મની દૃષ્ટિએ **બાલ્યકાળ** કહેવાય છે. એમાં અનંત વાર પણ કરાતી ધર્મક્રિયા તુચ્છ અને નિષ્ફળ માનવામાં આવી છે. જે દ્રવ્યક્રિયા તુચ્છ માની કાયકલેશજનિકા માની છે તે અચરમાવર્તની સમજવી. જ્યારે ચરમાવર્ત એ ધર્મ માટે નવનીતકલ્પ છે, **યૌવનકાળ** છે. એમાં આચરાતા અનુષ્ઠાનો અપુનર્બંધકાદિ દ્વારા–વિશેષ જ્ઞાન નહિ હોવા છતાં મુક્તિના કારણ બની જાય છે. એથી જ એ દ્રવ્યરૂપ છતાં તુચ્છ નથી કિન્તુ આદરણીય છે. કારણ એ અનુષ્ઠાનો ભાવાનુષ્ઠાનના કારણ બને છે. એથી જ ભાવાજ્ઞાના પાલનની વાસ્તવિક યોગ્યતા સમ્યક્ત્વ લાભાનંતર હોવા છતાં કારણરૂપે અપુનર્બંધકાદિમાં પણ માનવામાં આવેલ છે. દ્રવ્યાનુષ્ઠાનના પ્રધાન અપ્રધાન બે ભેદ છે. ભાવના કારણને પ્રધાન દ્રવ્યાનુષ્ઠાન કહેવાય છે જ્યારે અંગારમર્દકાદિ અચરમાવર્તીનું અનુષ્ઠાન ભાવનું કારણ નહિ હોવાથી અપ્રધાન અર્થમાં દ્રવ્ય છે. આ અપ્રધાનતા “ **अणुवओगो दव्वं** ” એ નિયમાનુસાર સમજવી.

અપુનર્બંધક જીવમાં એવી યોગ્યતા પ્રકટ થઇ જાય છે કે–તેઓમાં ધર્મબીજનું વપન થઇ શકે છે, અને ક્રમિક શુદ્ધિનું પણ તે પાત્ર બની શકે છે. એથી જ એની તત્ત્વજિજ્ઞાસા તથા શુશ્રૂષા તીવ્ર હોય છે; એટલે જ એનામાં આગમવચન સમ્યગ્તયા પરિણમી જાય એવી યોગ્યતા પ્રગટ થઇ જાય છે. એ આસન્નસિદ્ધિક મતિમાન ભવ્ય હોવાના કારણે ઇહલોકની સામગ્રીની સજાવટમાં યા તો પૂર્તિમાં અનાસક્ત હોય છે, જ્યારે પારલૌકિક કલ્યાણસાધક સામગ્રી પ્રત્યે એની દૃષ્ટિ કેન્દ્રિત થઇ ગયેલી હોય છે. પારલૌકિક કલ્યાણનું દર્શક યા તો જ્ઞાપક શાસ્ત્ર જ હોય છે; એવો તેનો અફર નિરધાર હોય છે. કારણ એનો એવો ખ્યાલ હોય છે કે–“ ધર્મ વિના કલ્યાણ હોય નહિ જ્યારે ધર્મજ્ઞાપતા એ સદાગમમાં જ સ્થિત છે. એટલે ધર્મની આરાધના કરવી હોય તો શાસ્ત્રની જ ઉપાસના કરવી જોઇએ. ” શાસ્ત્રની ઉપાસના એટલે ભગવંતની ઉપાસના. એની જ આજ્ઞાનું પાલન કરવું જોઇએ તો જ ધર્મ થાય. યદિ શાસ્ત્રની આજ્ઞાનું વિરાધન કરવામાં આવે તો અધર્મ જ થાય. જેમ ચક્રવર્તીની આજ્ઞાનો ભંગ મહા-અનર્થજનક બને છે અથવા તો જેમ ઔષધિ અવિધિથી સેવન હાનિકર બને છે, તેમ શાસ્ત્રનું પણ યથેચ્છ સેવન અહિતકર બને છે. એ શાસ્ત્ર અતીન્દ્રિય આત્મા અને પુણ્ય પાપાદિ તત્ત્વોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશક છે; અને ધર્મ અધર્માદિનું વ્યવસ્થાપક છે. તે અતીન્દ્રિય અર્થના દ્રષ્ટા વીતરાગનું જ પ્રમાણભૂત હોઇ શકે. અતીન્દ્રિય અર્થના સાક્ષાત્કારમાં રાગદ્વેષ અને મોહ આવરણભૂત છે–અવરોધક છે. એના સર્વથા વિલય વિના અતીન્દ્રિય તત્ત્વોનો સાક્ષાત્કાર શકય નથી. અને સાક્ષાત્કાર વિના એનું પ્રકાશન પ્રામાણિક સંભવિત નથી. એ સાક્ષાત્કાર વિના પારલૌકિક અનુષ્ઠાનોનું પ્રદર્શન સંભવિત નથી; એના નિરૂપણ વિના તદર્થી જીવોને એ અનુષ્ઠાનોના જ્ઞાન–રુચિ અને ઉપાસનાદિ શકય નથી; એ નિરૂપણમાં અસત્યની સંભાવના રાગદ્વેષાદિ દોષોના અસ્તિત્વમાં હોઈ શકે. સર્વજ્ઞના નિરૂપણમાં એ દોષોનું આંશિક પણ સંભાવન ઘટી શકે નહિ. કારણ તે દોષોના આમૂલચૂલ પ્રધ્વંસમાં જ સર્વજ્ઞતાનો પ્રાદુર્ભાવ થાય છે. એથી જ માત્ર મહામોહના પ્રાબલ્ય વિના સર્વજ્ઞના વચનમાં અવિશ્વાસ થાય જ નહિ. શાસ્ત્રની વિધિપૂર્વક આરાધનાથી એટલે કે શાસ્ત્રદર્શિત માર્ગપૂર્વક જ તે તે સદનુષ્ઠાનોનું સેવન કરવાથી વાસ્તવિક આરાધન થાય, એના દ્વારા ભગવંત પ્રત્યે આદરભાવ અને બહુમાન પ્રગટ થાય છે. અને એથી જ ભાવાજ્ઞાના આરાધનથી યોગ્યતા પ્રાપ્ત થતી જાય છે, અને એટલે જ ક્રમિક વિકાસ થતો જાય છે.

પરંતુ શાસ્ત્રપ્રદર્શિત અનુષ્ઠાનોનું સેવન કરવા છતાં જો શાસ્ત્રની સાપેક્ષતા ન હોય, પ્રત્યુત નિરપેક્ષતા હોય અને યથેચ્છ અનુષ્ઠાનોનું ઉપાસન થતું હોય તો એ અનુષ્ઠાનનું સેવન અજ્ઞાન જનિત અને વાસ્તવિક દૃષ્ટિએ શાસ્ત્રના દ્વેષપૂર્વકનું હોઇ મિથ્યાત્વજનન કરી સંસારવર્ધક બની જાય છે. ચાલુ—

## "હિંદ સ્વતંત્ર બને છે, (તા. ૧૫–૮–૪૭) તે અવસરે"

## "શ્રદ્ધાળુ જૈનોનું કર્તવ્ય" એક પુસ્તિકા.

ઉપરની તારીખે સ્વતંત્ર દિનના ઉત્સવને અનુલક્ષીને મુનિરાજ શ્રી **કનકવિજયજી**એ મુંબઇ લાલ બાગ ઉપાશ્રયમાં એક પ્રવચન આપેલું છે. તેના અવતરણરૂપે પ્રકાશન પામેલ ઉપરોક્ત પુસ્તિકા કલ્યાણ પ્રકાશન મંદિર, પાલીતાણાથી અમોને સમાલોચના માટે મળી છે. આ ગ્રંથ નહિ હોવા છતાં પ્રવચન હોવાથી સમાલોચના કેમ હોઇ શકે? તેમ વિચારતાં આખું પ્રવચન વાંચી જોતાં આ પ્રવચન વિદ્વતાપૂર્વક, સમયને અનુસરતું, જૈન સમાજને જાગ્રત કરનારૂં, વિચારકોને વિચારવા–સમજવા જેવું સભ્યતાપૂર્વકનું, શાસ્ત્રની પરંપરાગત પ્રણાલિકાપૂર્વકનું નિડરપણે આપેલું જૈન સમાજને ખાસ મનનપૂર્વક વાંચવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય.



## દારૂડીઆ દુનિયા–Infatuation

**સૂર્ય ઊગે છે અને આથમે છે અને એમ દરરોજ જીવન ક્ષય પામતું જાય છે, અનેક જાતના ભારે વેપારોના ઘસારામાં કાળ કેટલો ગયો તે જણાતું નથી, ચારે બાજુ જન્મ, ઘડપણ, આફતો, મરણો જોવામાં આવે છે છતાં તેનો ત્રાસ થતો નથી, ખરેખર, મોહરૂપ દારૂ પીને જગત ગાંડુંઘેલું થઈ ગયું હોય એમ લાગે છે.**

જરા બહારના ચક્ષુ અને અંતરના ચક્ષુ ખોલીને જો તું કયાં ચાલ્યો જાય છે? કયાં તણાતો જાય છે? કેવાં ઠેબાં ખાય છે? કેવો પડતોઆખડતો ગોથાં ખાય છે? અને છતાં જરા વિચાર પણ કરતો નથી કે આ તારી આસપાસ, તારા પગ નીચે, તારાં અંતરમાં શું ચાલી રહ્યું છે? અરે ભાઈ! તું તે ગાંડો થઇ ગયો છે કે દારૂના ઘેનમાં પડી લથડીઆં ખાય છે કે સાવ શુદ્ધ બુદ્ધ ગુમાવી બેઠો છે કે આ તે તને શું થયું છે? જો, તારી આસપાસ બનતા બનાવોનું જરા પૃથક્કરણ કર અને પછી તારાં વર્તનનો તેની સાથે મેળ મેળવ. તને તુરત દેખાશે કે તું આખો ઊંધે રવાડે ચઢી ગયો છે. ત્યારે તારો ચાલવાનો રોફ, છાતી કાઢવાનો અહંકાર, ધરતી પર પગ ન દઈ ચાલવાની તારાં મનડાનાં વલખાં, તારાં ઘરનાં ઘર, માનેલાં ઈંટ પથ્થરનાં રોડાં, તારો મમત, તારો આગ્રહ, તારો ભાઈભાંડું સાથેનો વર્તાવ, તારું પોક મૂકીને ખોટું રડવું, તારા અલક–મલકના વેપાર, તારો પારકા અવર્ણવાદનો સ્વભાવ, નાતજાતના સાજનામાં તારો પડકાર અને મૂછે તાવ દઈ, પગમાં ચમચમ અવાજ કરતાં જોડાની નીચેની ધરણીના પ્રત્યાઘાતો અને તારાં સ્નેહનાં સંભારણાં અને વિયોગનાં રોણાં **એ સર્વ તને ઘટે છે? તને શોભે છે? તારાં સ્થાનને લાયક છે?**

જો સવારથી સાંજ પડે અને **એક દિવસ તારા આઉખામાંથી ઓછો થાય છે.** તને લાગે છે કે તું મોટો થયો, પણ તારા આઉખામાંથી ઓછો થયો એવો વિચાર તેં કદી કર્યો છે? તું તો જાણે અહિંનો અમરપટ્ટો લખાવી લાવ્યો હોય તેમ ન કરવાનાં કામ કરે છે, ન બોલવાનું બોલે છે, અબોલાં લે છે, મોટાં વેર વસાવે છે, કલેશકંકાસ કરે છે, રાજદરબારે ચઢે છે–'આમાંનો કોઇ ઢંગ' અહીંથી તારે ચાલ્યા જવાનું છે અને અહીંની તારી સર્વ રયાસત અહીં મૂકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા જવાની છે એ વાતને, એ નિર્ભય સત્યને, અને તારા વર્તનને, જરા પણ મેળ બેસે છે ?

અને વાત વાતમાં **માસો અને વરસો ચાલ્યા જાય છે**. હજુ થોડાં વખત પહેલાં મૂછો ફૂટી હતી ને બાલ સફેત થવા આવ્યા પણ તારા ધંધાધાપા અને વેધવચકા ને રીતભાતોના વેવલામાં તને કદી એમ લાગ્યું છે કે ' ખીણ લાખેણો રે જાય ' એકે એક ક્ષણ લાખોની કિંમતનો ચાલ્યો જાય છે !

અને **તારી આસપાસ જો**. તારી સાથે શેરીમાં રમનારા ગયા, તારી સાથે બેસનારા ગયા, તારી સાથે ઉજાણી કાઢનારા ગયા, તારી સાથે ગમત કરનારા ગયા અને તારી સાથે રખડનારામાંથી કેટલાએ ગયા ! તું કઇકને ચિતામાં પધરાવી આવ્યો, કઇકની કાણે-મોકાણે જઇ આવ્યો, કઇકને નવકાર કે શરણાં દઇ આવ્યો, તું પોતે ઘરડો થઇ ગયો, તું નામોને પણ વિસ્મરતો થઇ ગયો, તેં અનેકના જન્મ વખતે થતી તેની માતાની વીણો અને ચીસો સાંભળી, તેં અનેક સ્ત્રીઓને મ્હોં વાળતી જોઇ, અનેકને દુનિયામાં રસાતાળ થતાં જોયાં, કઇકને જીવતાં છતાં મરી રહેલાં હોય તેવી હાલતમાં જોયાં, કઇકના નિઃસાસા સાંભળ્યા, અનેકના તકરારો જાણ્યાં, ભાઈ ભાઇઓનાં વેરો જોયાં, ત્યક્તા સ્ત્રીઓને રડતી જોઈ. દમ, કોઢ વગેરે અનેક વ્યાધિગ્રસ્તોને જોયાં–છતાં તમને ત્રાસ થતો નથી ? તને આ આવી રચના પાછળનું **રહસ્ય જાણવાનું મન પણ થતું નથી !**

આવું આવું જોયા જાણ્યા છતાં તું ઘસડાયા કરે છે, મનને મોટો માને અને સફળ જીવનનાં સોણલાં સેવે છે, તો તને એક વાત કહી દેવી પડશે: તું મોહના ઘેનમાં પડી ગયો છે, **ગાંડો થઇ ગયો** છે. સમજ્યા વિચાર્યા વગરનું અણઘડ જીવન ગાળી રહ્યો છે, અવિચારી અવ્યવસ્થિત જીવન ગુજારી રહ્યો છે. હારીને પાછા વળતા જુગારીની દશા તારી થવાની છે ! **હજી પણ ચેત**, ઘેનની અસર ઉડાડ, આંખો પર પાંણી છાંટ, ચેતનાને જાગ્રત કર અને ગાંડી થયેલી દુનિયાને રસ્તે ચાલવાને બદલે તારો સાચો માર્ગ વિચારી કાઢ; નહિંતો દારૂડીઆની જેવા તારા હાલ થવાના છે ! કોઇ ગટરમાં પડીશ અને તારા રામ રમી જશે. કુશળ માણસનાં આ લખણ ન હોય.

**आदिन्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं, व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते ।**
**दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते, पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ।**

ભર્તૃહરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪૪)

## જીવન પર અવલોકના–Ratrospect of life

**માણસનું આઉખું સો વર્ષનું ગણાય તેમાંથી અરધો અરધ તો રાતમાં ગયું, બાકી રહેલા અરધાનું અરધું બાળપણમાં અને ઘડપણમાં ગયું, અને બાકી જે રહ્યું તે વ્યાધિ, વિયોગ અને દુઃખમાં અને સેવામાં જાય. ત્યારે આવા પાણીના પરપોટા જેવા જીવનમાં માણસને સુખ કયાંથી મળે ?**

હસવા જેવી વાત છે, પણ બોધદાયક છે. તેનો મર્મ વિચારવા પૂરતું તેને અત્ર સ્થાન આપ્યું છે. ભગવાને સૃષ્ટિ બનાવી, માણસ પશુ પક્ષીઓ બનાવ્યાં અને તેમને દુનિયામાં મોકલી દીધાં. તેમણે ત્યાં કેટલું રહેવાનું છે, કયારે પાછા આવવાનું છે તેનો આગળથી નિર્ણય કર્યો નહિ. એક વખતે ભગવાને નક્કી કરી નાખ્યું કે માણસ જનાવર સર્વનું આયુષ્ય **૪૦ વર્ષનું** સમજવું. કેફીઅત સાંભળ્યા વગર ભગવાને કરેલો આ એકતરફી ફેંસલો માણસોએ જાણ્યો એટલે એને ફાળ પડી. એ તો દોડ્યા ભગવાન પાસે : અરે સાહેબ ! હજી ઊગીને ઊઠીએ અને ઘર માંડીએ ત્યાં તો વિદાયગીરિ લેવી પડે. એ તો આકરું પડી જાય. એમાં અમારો સંસાર કેમ નભે ! અમે હાણીએમાણીએ શું સાહેબ ! વિચાર કરી કાંઈ તોલ કરો, રસ્તો કાઢો.' જવાબ મળ્યો. 'જુઓ, અહીંના હુકમો તો અફર હોય, તમે ધીરજ રાખો, કોઇની ફરિયાદ આવશે તો તમને ફેરબદલો કરી આપવાની તજવીજ થશે.'

આટલી વાત થાય ત્યાં **ઘોડા** આવ્યા. ભગવાન પાસે ફરિયાદ કરી 'સાહેબ, તમે અમારી આવરદા ચાલીશ વરસની કરીને તો અમારો કુંસ કાઢી નાંખ્યો. દરરોજ દશ વીશ માઇલની મુસાફરી, અને ખાવામાં ખડ કે ભોગ ચોઘડીએ ચણાં કે ભુંસું મળે. એમાં તો અમે લાંબા થઇ જઈએ. અમારે આટલાં વર્ષો સુધી લાંબી દોડાદોડ ન પાલવે. દયા કરો ! મારા દેવ.' ભગવાને તેમનાં **૨૦** વર્ષ ઓછાં કર્યાં, માણસને આપ્યાં. આયુષ્ય હવે **સાઠ** વર્ષનું થયું, પણ માણસોને નિરાંત ન થઈ. ઘોડા તો રાજી થઈને વિદાય થઇ ગયા.

ત્યાં **બળદ** આવ્યા. ભગવાનને કરગરીને કહેવા લાગ્યા. 'અરે સાહેબ ! આખા દિવસમાં ચાર આનાનું ખડ ખાવાનું, ન મળે દાણો કે ન મળે ખોરાક. બાર કલાક જોતરમાં જોડાવું અને દશ બાર ગાઉનો પંથ કરવો. ચાર રૂપિયાની મજૂરી કરીએ ત્યારે ખાવામાં ચાર આના મળે અને ન ઠેકાણું બેસવાનું કે ન સમય મળે ઊંઘવાનો. અમારી તો ડોક લચી જાય અને એવા આકરાં ચાલીશ વર્ષમાં ભાર વેંઢારી વેંઢારીને અમારો આત્મા તો કકળી ઊઠે. દયા કરો.' ભગવાને એની યાચના સાંભળી બળદનાં વીશ વર્ષ ઓછાં કર્યાં અને માણસોને તે આપ્યાં. માણસનું આઉખું હવે **એંશી** વર્ષનું થયું, છતાં મનવાના લોભનો પાર નહોતો. એ તો ભગવાન સામે ડાચું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉઘાડીને વકાસી રહ્યા. ભગવાનને અંદરથી હસવું આવતું હતું.

ત્યાં **બગલા** આવ્યા 'સાહેબ, અમે તો ઠાર મરાઇ ગયા. નદી કે તળાવને કાંઠે કે ખાબોચિયાને આરે આખો દહાડો ભગત થઈને ઊભા રહીએ અને માણુમાણુ આખા દહાડામાં એક બે માછલાં મળે. અમારો તે અવતાર છે! અને એવાં ચાલીશ વર્ષ કાઢતાં અમારો તો દમ નીકળી જાય. દયા કરો મારા દેવ!' ભગવાને એને સંતોષવા એના ચાલીશ વર્ષમાંથી વીશ કમતી કર્યાં, માણુસને આપ્યાં. માણુસને **સો વર્ષ** પૂરાં કરી આપ્યાં. માણુસોનું આયુષ્ય હવે સો વર્ષનું નક્કી કરવામાં આવ્યું. બગલાં રાજી થઇને પાછા ફર્યા.

હવે માણુસોને સો વર્ષનું આયુષ્ય મળ્યું તેમાં ચાલીશ તો એ પોતાના હક્કથી જીવે, પૂરતા મોજથી મોટો થાય. પછીના ચાલીશથી સાઠ સુધીમાં **ઘોડાની** જેટલી દોડાદોડ કરે, પરદેશ રખડે, ડુંગરો ઓળંગે, આંટા ફેરા કરે, હડિયાપાટુ ખાય અને અહીંથી તહીં અને ત્યાંથી પણે ફંગો ખાય. આમ કરતાં કદાચ સાઠે સુધી પહોંચે તો પછીના વીશ વર્ષમાં **બળદનાં** હાલ થાય. બોજો જવાબદારી ઘણી વધી જાય, જોતરાં ખૂબ ખેંચે, દાંત પડી જાય, ખાય થોડું અને વેંઢારે ઘણું, સંતતિનો બોજો, વેપારની લેવડદેવડના ઘસડબોરા અને નાતજાત, જમણુ સર્વ બંધ થાય, માથે ધોળું બાંધવું પડે, જમવામાં જગલો અને કૂટવામાં ભગલાની દશા થાય અને જાનમાં છોકરાંઓ જાય ત્યારે આભડવા જવાનું ભાઈને માથે અને આમ જોતરાં ખેંચતાં કદાચ એંશીએ પહોંચી જાય તો પછી **બગલા ભગત** બને. આખો દિવસ ભગતની જેમ ડોક ઊંચી રાખે, કોઇ એકાદ દેડકું આવી જાય તો ટપ દેતી ડોકને નીચી કરી દેડકાને ગળી જાય અને પાછો ભગત થઇ ડોક ઊંચી કરે. આવા તેના હાલ થાય. ચાલીશથી સાઠ **ઘોડાનો અવતાર**, એંશી **બળદનાં જોતરાં** અને એંશી પછી **બગભગતપણું** આવી એની સો વર્ષની કરણી છે. બાકી ભગવાન આવા ફેંસલા કરે નહિં, એને આવી હાલાકી હોય નહિ, પણ વાત સમજવા જેવી છે. એમાં ઊંડું રહસ્ય છે. **ધર્મકૌશલ્યની એમાં ચાવી છે.**

**મૌક્તિક**

**आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं, तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्ववृद्धत्वयोः।**
**शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते, जीवे वारितरङ्गबुद्बुदसमे सौख्यं कुतः प्राणिनाम्?**

**ભર્તૃહરિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મચિંતન

લેખકઃ—**મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ**

મંદાક્રાન્તા.

પ્રાણી પામે ભવવન વિષે જીંદગી સ્વલ્પ કાળ,
તેમાં આવે સુખદ ઘડીયો જૂજવી સૌખ્ય ભાળ;
વારે વારે મનુજ મનને ઘેરતી દુઃખ જાળ,
ઓળંઘાતી વિધિનિયમની ના કદા વજ્ર પાળ. ૧

તોયે આજે પ્રમુદિત બની ચિત્તવૃત્તિ અમાપ,
ભેદો તેના કંઇ ન સમજુ મોદ ચિત્તે સુહાય;
આજે મારી ઝણઝણી ઉઠી કેમ આત્મા સિતાર,
આજે શાના અનુભવી રહ્યો રોમ હર્ષો અપાર. ૨

મારે હૈયે અનુપમ અહો ! વાગતી પ્રેમવીણા,
સૂરો તેના પ્રણવ જપતા ગાજતા છેક ઝીણા;
સ્વાત્મા થાતો સ્વર સ્મરણમાં ઐક્ય સંધાન શાળી,
હું, તું, ના એ વિસરી જગના ભેદ સૌભાગ્યશાળી. ૩

દેહાધ્યાસે મનુજ મનડું મોહતું વ્યર્થ શાને ?
આત્માનંદે નિજસ્વરૂપને દેખવું દિવ્ય ભાને;
આજે નાચે પ્રકૃતિ પરની સર્વ સંભાવનાઓ,
લેતી જાણે વિભુવરતણાં સ્નેહ ઓવારણાંઓ. ૪

મારો આત્મા જગત સુખને પ્રીછતો ના કદીએ,
ના, ના, આત્મા ક્ષણિક સુખને વાંછતો રે! કદીએ;
પ્રજ્ઞા નાવે દૃઢ વળગીને પાર જાવું સદાએ,
સંસારાબ્ધિ ગુરૂવર તણી પ્રેરણાથી તરાયે. ૫

માલિની.

સકલ જગત માયા બ્રહ્મની પુણ્યવાન,
જીવન મનુજ પામ્યા તેહમાં ભાગ્યવાન;
ક્ષણિક સુખદ લાગે સ્નેહ સંસારીઓના,
શિવ સુખ મળવાનું બ્રહ્મ સંભાવનામાં. ૬

મિશ્ર.

હેમેન્દ્ર આત્મા શિવ બ્રહ્મ પામે,
દુઃખો તણો અગ્નિ સદાય શામે;
સંસારનાં ઐહિક ભાવ ત્યાગે,
આત્મા તણી ઉત્તમ જ્યોત જાગે. ૭

---

# 'દિપોત્સવી પર્વની ભાવના'

લેખકઃ—**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જગતના ભવ્ય આત્માઓને ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવી ધર્મ માર્ગે યોજ્યા. સર્વત્ર અહિંસા ધ્વજ ફરકવા માંડ્યો. ઉંચ નીચના ક્ષુદ્ર ભેદો દૂર થઇ સર્વ આત્માઓ એક બીજાને આત્મ સ્વરૂપે જોવા લાગ્યા. ધન, સત્તાનો મદ ઓસરવા લાગ્યો, સાચી આર્યતા સર્વત્ર પ્રસરી, આર્યદેશ સર્વ રીતે સુખી સુખી હતો. હિંસા આદી દુષ્કર્મોને દૂર કરવામાં અને અહિંસા આદી સત્કર્મોને જીવનમાં સ્થાપવા પ્રજા પોતાનું કર્તવ્ય સમજતી. અનાર્યો પણ આવા વાતાવરણમાં આવીને આર્ય બનતા. આર્દ્રકુમાર જેવા સંત દશાને પ્રાપ્ત કરી કૃત કૃત્ય બન્યા. આ સર્વમાં ભગવાન મહાવીરસ્વામીના તપ, ત્યાગ અને સદ્બોધ કારણરૂપ છે. ભગવાન છેવટ સુધી જ્ઞાન દાન આપી સર્વ જીવો ઉપર ઉપકાર કરે છે. તત્ત્વજ્ઞાનના પિપાસુ માટે જ્ઞાન પરબ માંડી સર્વ જીવોને ઉપકારક બન્યા. છેવટમાં અપાપા નગરીમાં હસ્તિપાળ રાજાની સભામાં ચાતુર્માસ વિરાજ્યા હતા. કાર્તિક વદી તેરશથી અખંડ દેશના શરૂ કરી જેમાં પુણ્ય અને પાપના સ્વરૂપ વર્ણાત્મક પચાસ પચાસ અધ્યયનો પ્રકાશ્યા. તે સમયે અઢારગણ રાજાઓ ( પ્રજાસત્તાક પદ્ધતીને અનુસરતા અધિકારીઓ ) આવી જ્ઞાન લાભ મેળવતા હતા. તે સમયે નજીકના ગામડામાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા ગૌતમસ્વામીને મોકલ્યા. છેવટે ઉત્તરાધ્યયનના છત્રીશ અધ્યયનો, આત્મિક જીવન પ્રાપ્તિના સરસ ઉપાયરૂપ અધ્યયનોનો પ્રકાશ કરી પ્રધાન અધ્યયને વિચારતાં સ્થુળ દેહનો, ત્યાગ કરી કાર્તિક વદી અમાસની છેલ્લી રાત્રીએ પરમ નિર્વાણને પામ્યા, સિદ્ધ સ્વરૂપ બન્યા, તે સમયે સર્વત્ર અંધકાર પ્રસર્યો. તેવા સમયે ગણુ રાજાઓએ ભાવોદ્યોત મેળવવા દીપકો પ્રકટાવ્યા. દેવોએ રત્ન દીપકો દ્વારા પ્રકાશ ફેલાવ્યો. આત્મામાં અનંત ઋદ્ધિરૂપ રત્નત્રયી રહેલી છે. વિકાસ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભા તરફથી પ્રકટ થયેલ અપૂર્વ કથા સાહિત્ય શ્રી વસુદેવ હિંડી ગ્રંથ માટે. શ્રી ભાવનગર રાજ્ય તરફથી સહાયવડે પ્રગટ થતું ભાવનગર સમાચાર પેપર શું કહે છે?

# ( વસુદેવ હિંડી માટે અભિપ્રાય. )

## જૈન આત્માનંદ સભાની સાહિત્યસેવા.

છેલ્લાં પચાસ વરસથી અત્રેની જૈન આત્માનંદ સભા, જૈન વાઙ્મયના પ્રાચીન, હસ્તલિખિત સંગ્રહમાંથી તત્વદર્શન, વિજ્ઞાન, ઇતિહાસ, કાવ્ય અને મહાપુરુષોની ચરિત્રકથાઓને લગતા ગ્રંથોનું વ્યવસ્થાપૂર્વક પ્રકાશન કરે છે. અત્યાર સુધીમાં આ સંસ્થાએ લગભગ બસેં જેટલા નાના મોટા મૂળ તેમજ અનુવાદિત–પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી–ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે, પરંતુ હમણાં જ મૂળ પ્રાકૃતમાં લખાયેલા શ્રી સંઘદાસગણિ વાચક વિરચિત, સાડા દશ હજાર શ્લોક પૂરના "વસુદેવહિંડી" નામક ગ્રંથનું ગુજરાતીમાં ભાષાન્તર પ્રસિદ્ધ કરી આ સભાએ સાહિત્યની આદરણીય. સેવા કરી છે. આશરે ૩૫ વર્ષ પહેલાં સભાએ મૂળ પ્રાકૃત ગ્રંથ તો પ્રસિદ્ધ કર્યો હતો અને સ્વ. સાક્ષર આનંદશંકર ધ્રુવ અને સ્વ. મે. સર પ્રભાશંકર પટ્ટણીએ જ્યારે આ સભાની મુલાકાત લીધી ત્યારે એમણે આ પ્રાચીન પ્રાકૃત ગ્રંથનું ભાષાન્તર કરી પ્રસિદ્ધ કરવાની અગત્ય દર્શાવી હતી. અને આ સ્થળે લખતાં આનંદ થાય છે કે આવા અન્વેષણના ગ્રંથનું મહત્વ વિચારીને સભાએ એ સૂચનાનો સત્વર અમલ કર્યો છે. અને તેનો ખરો યશ સદહું સભાનું નિષ્કામ ભાવથી કામ કરનારા, સભાના ઓન. સેક્રેટરી શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી અને સભાની કાર્યવાહક સમિતિને ઘટે છે.

'વસુદેવહિંડી' અર્થાત્ વસુદેવના પર્યટનનું આ પુસ્તકમાં વર્ણન છે. પુસ્તકનો વિસ્તાર અને યોજના જૈન સાહિત્યના કથાનુયોગમાં ધ્યાન ખેંચે તેવાં છે. વસુદેવ, પોતાના ભાઇ સાથેના કલહથી ગૃહત્યાગ કરી પરાક્રમ કરતાં કરતાં દેશવિદેશમાં સો વર્ષ પર્યંત પરિભ્રમણ કરી, સો કન્યા પ્રાપ્ત કરે છે. સમગ્ર કથાભાગ બે ખંડમાં છે. તેમાં ૧૭ હજાર શ્લોક પૂરતો બીજો ખંડ હજી અપ્રકાશિત છે. આ પહેલા ખંડમાં ૨૯ 'લંભક'–પ્રકરણો છે. બીજાં ૮૧ પ્રકરણો બીજા ખંડમાં છે.

આ ગ્રંથની રચના ઇ. સ. પાંચમા છઠ્ઠા સૈકાની

---

ઉજાસ પ્રસરાવી અજ્ઞાન અંધકારને હઠાવવા શક્તિમાન છે. ૐ **ह्रीं अर्हं महावीराय नमः ।** એ જાપના બળવડે સાધક પરમ શીવની પ્રાપ્તિ કરી શકે છે. નીત્ય દીવાળી ઉત્સવ તેઓ માણી શકે છે. દેવોએ અને માનવોએ દીવાળી પર્વની શરૂઆત કરી. પ્રભાત થતાં ગૌતમસ્વામીને મહાવીરના અને પોતાનાં આત્મા વચ્ચેના સ્વરૂપને વિચારતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, દેવોએ રચેલા સુવર્ણ કમલ ઉપર બેસી ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરનો આદેશ સંભળાવ્યો. "આત્મ સ્વરૂપ મેળવી જળહળતી જ્યોતી પ્રગટાવો." તે દિવસથી સંવત્સરની શરૂઆત થઇ. જુના વિચારો મુકી નવા વિચાર–સંસ્કારો મેળવવાનો દિવસ તે નુતન વર્ષ અનંત લબ્ધિ નિધાન ગૌતમસ્વામીના સ્મરણથી મળે સુખ સંપત્તિ, ટળે અજ્ઞાન અને કુસંસ્કાર; માનવ તે પરમ આદર્શ મેળવી બને દીવ્ય સ્વરૂપ ધર્મ પરમ આત્મા. અમરતા અર્પો સર્વને; "**એ દીપોત્સવી પર્વની ભાવના.**"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસપાસ થઇ હોય એમ જણાય છે. ભાષા આર્ષ પ્રાકૃત છે અને પ્રો. સાંડેસરાએ પ્રસ્તાવનામાં આ સમયની ભાષાનાં મુખ્ય લક્ષણોની સમાલોચના કરી આ ગ્રંથની સવિશેષ પ્રાચીનતા દર્શાવી છે, પરંતુ ગ્રંથની ખરી વિશિષ્ટતા તો તેની ભૌગોલિક ઉપયોગિતામાં રહેલી છે. પાંચમા છઠ્ઠા સૈકાની હિંદની સામાજિક પરિસ્થિતિ, વ્યાપાર, બીજી પ્રજાઓ સાથે આ દેશની પ્રજાનો સંબંધ, સમુદ્રમાર્ગો અને વિવિધ પ્રકારના શૃંગાર અને વસ્ત્રોને લગતા આ ગ્રંથમાંથી સંખ્યાબંધ ઉલ્લેખો મળે છે. પ્રાચીન ઇતિહાસનું દર્શન આપનાર તથા એ વિષયના અભ્યાસીઓ માટે આવો ઉપયોગી ગ્રંથ પ્રસિદ્ધ કરવા માટે અમે આત્માનંદ સભાના વ્યવસ્થાપકોને અભિનંદન આપીએ છીએ. આ સભાના ઓન. સેક્રેટરી શ્રી વલ્લભદાસ ગાંધીએ પોતાના નિવેદનમાં કહ્યું છે કે આ ગ્રંથના પ્રકાશનનું પ્રેરણાસ્થાન મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ છે. મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા તથા તેઓશ્રીની ગુરુપરંપરાદ્વારા ગુજરાતી સાહિત્ય અને ઇતિહાસની જે અમૂલ્ય સેવા થતી આવે છે અને અદ્યાપિ થાય છે એ ખરેખર નોંધપાત્ર છે. સેવાના કોઇ ક્ષેત્રમાં ગૃહસ્થો કરતાં આવા સાધુ અને ત્યાગી પુરુષો જ ખરૂં કાર્ય કરી શકે છે, તેનું આ દૃષ્ટાંત છે.

ઉચ્ચ કોટીના પ્રાકૃત, સંસ્કૃત જૈન સાહિત્યના ગ્રંથોનું સંશોધન કરી આપવા માટે સાક્ષરવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનો જૈન સમાજ અને શ્રી જૈન આત્માનંદ સભા ઉપર કેટલો મહદ્ ઉપકાર છે, એ સભાની કાર્યવાહીથી સ્પષ્ટ થાય છે. તે સાથે આવા ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ, પોતે સાહિત્યરસિક હોવાથી નિઃસ્વાર્થપણે અને નિઃસ્પૃહીપણે જૈન સાહિત્યની આ પ્રકારે જે અપ્રતિમ સેવા કરે છે તે અભિનંદનને પાત્ર છે. આવા ગ્રંથોના પ્રકાશનથી સભાની પ્રતિષ્ઠા અને ગૌરવ ઘણું વધતું આવે છે. હવે આત્માનંદ સભાના કાર્યવાહકો 'વસુદેવ હિંડી'ના બીજા ભાગનું કાર્ય સત્વર હાથમાં લે એવું અમે ઇચ્છીએ છીએ. આવા કામોમાં અનાયાસે સાહાય્ય આવી મળે છે.

આ ગ્રંથનું ભાષાન્તર પ્રો. ભોગીલાલ સાંડેસરાએ કર્યું છે. પ્રાકૃત, અપભ્રંશ, સંસ્કૃત અને ગુજરાતી એમનું જ્ઞાન તેમજ પરિશીલન જાણીતા છે અને તેમની એ વિદ્વત્તાની છાપ સહેજે પ્રસ્તાવનામાં તરી આવે છે. અત્રેના જાણીતા મહોદય પ્રીન્ટીંગ પ્રેસમાં આ ગ્રંથ છપાયો છે. છપાઇ શુદ્ધ અને સુવાચ્ય થઇ છે. ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૫૦૦, પાકું પુઠું કિંમત રૂ. ૧૨–૮–૦ અને તે અત્રેની જૈન આત્માનંદ સભામાંથી મળી શકશે.

---

**નોટઃ**—આ અપૂર્વ સાહિત્ય ગ્રંથની ઉત્તમતા અને સાહિત્ય ઉચ્ચ કોટીનું હોવા માટે ઘણા જૈનેતર વિદ્વાનો, સાક્ષરોના, ધર્મગુરૂઓના અભિપ્રાયો મળેલા પણ આજે જૈન સમાજ તેની કિંમત કેટલી કરી રહેલ છે તેને પણ જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન–સમાચાર

શ્રી કપડવંજ પંચના ઉપાશ્રયે બિરાજતા જૈનાચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનાં આજ્ઞાધારી શિષ્ય પંન્યાસજી નેમવિજયજી મહારાજ, મુનિશ્રી વયોવૃદ્ધ ઉત્તમવિજયજી મહારાજ તથા ચંદનવિજયજી મહારાજ અને સાધ્વીજી મહારાજ દાનશ્રીજી તથા શાન્તિશ્રીજી આદિ તરફથી ગુરૂદેવ પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી આદિ તેમજ સાધ્વીજી મહારાજ વિગેરે ગુજરાનવાલાની ભયંકર પરિસ્થીતિમાંથી નિર્વિઘ્ને અમૃતસર શહેરમાં આવી ગયા તે નિમિત્તે કપડવંજ શ્રી શાંતિનાથજીનાં જિનાલયમાં પૂજા ભણાવાવામાં આવી હતી અને સંઘમાં આયંબીલ ૨૫૦ ની તપસ્યા કરવામાં આવી હતી.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો સભા પર તા. ૩૦–૯–૪૭ નો અમૃતસરથી લખેલ પત્ર સભાને તા. ૧૬–૧૦–૪૭ નાં રોજ મળ્યો છે. જેમાં તેઓશ્રી સાધુ, સાધ્વીજી અને શ્રાવક સમુદાય સાથે નિર્વિઘ્ને અમૃતસર પહોંચી ગયા છે. તેઓશ્રી સહિસલામત રીતે અમૃતસર આવી જવાથી સભા ચિન્તામુક્ત થઇ છે.

## શાંતમૂર્તિશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની જયંતી.

આશો શુદ ૧૦ શુક્રવારના રોજ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયકમલસૂરિ મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી દર વર્ષ મુજબ આજરોજ મ્હોટા જિનાલયમાં જયંતી નિમિત્તે શ્રી નવપદજી મહારાજની પૂજા આ સભા તરફથી ભણાવવામાં આવી હતી. આંગી રોશની વગેરેથી દેવગુરુભક્તિ કરી સભાસદોએ જયંતી ઉજવી હતી.

## સ્વ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની જયંતી.

ગયા ભાદરવા શુદી ૧૪ તા. ૨૯–૯–૪૭ સોમવારના રોજ આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તીથી હોવાથી દર વર્ષની જેમ ગુરુ ભક્તિ નિમિત્તે આ વર્ષે પણ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી અત્રે વિદ્વાન મુનિ શ્રી કલ્યાણચંદ્રજી ( સોનગઢ શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમના અધિષ્ઠાતા )ના પ્રમુખપણા નીચે જયંતી ઉજવવામાં આવી હતી. જુદા જુદા ગુરુભક્તોએ ગુરુ મહારાજના ગુણગ્રામ માટે વિવેચનો કર્યા હતા. પ્રમુખસ્થાનેથી મહારાજશ્રીએ પણ બહુજ વિસ્તારપૂર્વક વિવેચન કર્યું હતું. બપોરનાં મોટા જિનાલયમાં પ્રભુ પૂજા ભણાવી દેવ ભક્તિ કરી હતી. આ વર્ષે વિશેષ ભક્તિમાં અગાઉ થયેલ રૂા. ૧૫૦૦) ની રકમ માટે કરેલી વ્યવસ્થા મુજબ આગલે દિવસે ભાદરવા શુદી ૧૩ ના રોજ પંડિત સુખલાલજીભાઇને સાહિત્ય સુવર્ણ ચંદ્રક અર્પણ કરવા માટે વીરમગામનિવાસી શ્રી છોટાલાલ ત્રિકમદાસ પારેખના પ્રમુખપણા નીચે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. બહાર ગામથી આવેલા ગુરુભક્તો વગેરેએ પોતાના વ્યક્તવ્યો રજુ કર્યા હતા; અને રાત્રિના શેઠ ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે રંજનકાર્ય માટે સંમેલન થયું હતું. એ રીતે આ વર્ષે ગુરુભક્તિ કરી જયંતી ઉજવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંતિનાથ ચરિત્ર રૂા. ૭ાા તથા સાથે શ્રી વસુદેવ હિંડી રૂા. ૧૨ાા આ બંને રૂા. વીશની કિંમતના ગ્રંથો ભેટ મળી શકશે. ત્યારબાદ જે ગ્રંથો છપાશે, તે ભેટ મળી શકશે. માત્ર પોસ્ટેજ પુરતા ખર્ચનું વી. પી. તે વખતે તેઓ સાહેબને મોકલવામાં આવશે.

### અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

અત્યાર સુધીમાં થયેલા લાઈફ મેમ્બરોને શ્રી વસુદેવ હિંડી તથા શ્રી શાંતિનાથ ચરિત્ર ( તૈયાર થવા આવ્યું છે તે તૈયાર થયેથી તરત જ સં. ૨૦૦૪ ના પોસ શુદ ૨ લગભગ ) બંને ગ્રંથો પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ, બીજા વર્ગના લાઇફ મેમ્બરને (ધારા પ્રમાણે) ભેટ મોકલવામાં આવશે માટે. હાલ બેમાંથી એકપણ ગ્રંથ ભેટ મંગાવવા તસ્દી લેવી નહિં.

### બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગ થયેલાં માનવંતા લાઈફ મેમ્બરો.

શ્રી આત્માનંદ પ્રકાશના આગલા અંકોમાં જણાવ્યા પ્રમાણે અમારી નમ્ર સુચનાને માન આપી હાલમાં અપાતાં શ્રી સંઘપતિ રૂા. ૬-૮-૦ તથા શ્રી મહાવીર યુગની મહાદેવીઓ રૂા. ૩-૮-૦ રૂા. ૧૦) દશના બે ગ્રંથો રૂા. ૫૦)ના વધારાના આપી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો ઘણા બંધુઓ ( આત્મિક અને આર્થિક દષ્ટિનો લાભ વિચારી ) ઉત્સાહપૂર્વક થાય છે, તેમને ભેટ આપેલી છે. હવે આ માસમાં બીજા અન્ય ધર્મ બંધુઓ જે નવા બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં સભાસદો થયા છે તેના નામો નીચે મુજબ છે. પોશ માસમાં પ્રગટ થતાં રૂા. ૨૦) ની કિંમતના બે ગ્રંથોનો ભેટનો લાભ લેવા જલદી પ્રથમ વર્ગમાં દાખલ થવા સુચના છે.

૧ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી
૨ શાહ મહીપતરાય વૃજલાલ
૩ ભાવસાર સાકરલાલ ગાંડાલાલ બેલાણી
૪ શાહ વેલચંદ નારણદાસ
૫ શાહ અમૃતલાલ ગિરધરલાલ
૬ શાહ હિરાલાલ ફૂલચંદ
૭ શાહ પન્નાલાલ વર્ધમાન

### બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

સ્થાનિક તથા બહાર ગામના સભ્ય સાહેબોને જણાવવાનું કે હજી સુધી રૂા. ૫૦) વિશેષ ભરી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર જે બંધુઓ નથી થયા તેઓ પણ વિચાર કરી તેમ કરી શકે માટે આસો વદી ૩૦ સુધી પહેલા વર્ગમાં દાખલ થઇ ભેટનો લાભ મેળવે તેમ ઇચ્છીએ છીએ. કદાચ તે પ્રમાણે ભેટનો વિશેષ લાભ મેળવવા ઇચ્છા ન વધે તો છેવટે ઉપરની મુદત સુધીમાં સભાને પત્ર લખી-શ્રી સંઘપતિ ચરિત્ર કિં. રૂા. ૬ાા તથા શ્રી મહાવીર પ્રભુનાં યુગની મહાદેવીઓ કિં. રૂા. ૩ાા ધારાસર ભેટ વેળાસર મંગાવી લેવા સૂચના છે. કારણ કે આ બંને ઉપયોગી ગ્રંથો બહુજ રૂચીકર અન્ય જૈન બંધુઓ ઘણા મોટા પ્રમાણમાં મંગાવે છે, જેથી આસો વદી ૩૦ પછી તે બંને બુકો સિલિક રહેવા સંભવ નથી, જેથી તે મુદત પછી આપ આ બુકો ભેટ તરીકે મંગાવવા ઇચ્છા ધરાવતા નથી તેમ ધારી તે સિલિક નહિં રહે તો પછી સભા આપને આપી શકશે નહિં માટે આપને યોગ્ય લાગે તે રીતે વિચાર કરી દિવાળી પહેલાં વેલાસર મંગાવી લેવા નમ્ર સુચના છે.

### નવા તૈયાર થતાં અપૂર્વ સાહિત્ય પ્રકાશનો.

( અનુવાદો )

૧ કથારત્નકોષ ( જૈન કથા સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ )
૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર
૩ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર
૪ મહાસતી દમયંતી ચરિત્ર ( સ્ત્રી ઉપયોગી સીરીઝ તરીકે. )

યોજનામાં

૫ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર (શ્રી સોમપ્રભાચાર્યકૃત) નંબર ૧-૩-૫ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

### ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં શ્રી સંઘદાસગણિ મહારાજે રચના કરેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્દગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે. શુમારે છશેંહ પાનાનો ગ્રંથ કપડાનું પાકું બાઇન્ડીંગ સુંદર સચિત્ર કવર જેકેટ સાથે કિંમત રૂા. ૧૨-૮-૦ પોસ્ટેજ અલગ. પ્ર૦ વ૦ના લાઇફ મેમ્બરોને ભેટ મળશે.

---

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર-સરલ-વિવિધ કલરીંગ સચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાય છે ,પાકા બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવશે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના બાર ભવોનું અપૂર્વ સ્વરૂપ, અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા( જીવદયા )નું અદ્દભૂત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. કીંમત રૂા. ૭-૮-૦ માગશર માસ લગભગ પ્રકટ થશે.

---

## " નૂતન સાહિત્ય પ્રકાશન "

### ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર.

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોક પ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના રસિક ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આવેલાં છે. ગ્રંથ છપાય છે, આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે ગુજરાતી સારા અક્ષરોથી છપાય છે.

---

**૨ શ્રી કથારત્નકોષ ગ્રંથ**—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે. જેમાં સમ્યકૃત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતી ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી અનુપમ કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ-હાનિનું નિરૂપણ આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ, સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાય છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળની કિંમત રૂા. ૮-૮-૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે. છપાય છે, આર્થિક સહાયની અપેક્ષા છે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only